# પ્રકરણ– ૩

# શ્રીમદ્ રાજચંદ્ર લિખિત પત્રો

ગુજરાતી સાહિત્યમાં લલિત તથા લલિતેતર સાહિત્ય પ્રકારમાં ઘણું નોંધપાત્ર અને પ્રયોગશીલ લેખનકાર્ય થયું છે. આમાં કવિતા, નવલિકા, નાટક, નવલકથા જેવા સર્જનાત્મક સાહિત્ય સ્વરૂપની તુલનામાં નિબંધ, પ્રવાસલેખન, જીવનચરિત્ર, આત્મકથા, ડાયરી અને પત્ર જેવા લલિતેતર સાહિત્ય સ્વરૂપમાં પ્રદાન થયેલું જોવા મળતું નથી.

આજના આ આધુનિક સમયમાં આપણી પાસે મોબાઈલ, કમ્પ્યૂટર, ટેલિફોન કે ફેક્સ દ્વારાં આપણે એકબીજાને આપણાં વિચારો, આપણાં પ્રયોજનો કે લાગણીઓ પહોંચાડીએ છીએ, પરંતુ આ માધ્યમોથી જો કોઈ સસ્તુ અને સરળ માધ્યમ હોય તો તે પત્ર છે.

આપણી પાસે ચોસઠ કલાઓનો વારસો છે. તેમાં પત્રકળાનો પણ સમાવેશ થાય છે. કલા સંદર્ભે બે ભાગ પાડવામાં આવ્યા છે. તેનાં લલિતેતરકળા અને લલિતકળા જે સાહિત્ય સંદર્ભે જેમાંથી રસાનંદ પ્રાપ્ત થાય તેને આપણે લલિત સાહિત્ય કહીએ છીએ અને જેમાંથી જ્ઞાન, માહિતી પ્રાપ્ત થાય તેને લલિતેતર સાહિત્ય કહીએ છીએ. પત્ર પણ એક રસાનંદનો વિષય બને છે.

પત્ર માટે સામાન્ય રીતે કહેવાય છે કે, ‘‘માણસ–માણસ વચ્ચેના વિચારો અને લાગણીઓના પરિવહન માટેનું એક સામાન્ય માધ્યમ એટલે પત્ર.’’

આમ તો પત્ર એ સંદેશાવ્યવહારની એક પદ્ધતિ છે. પરંતુ કવિચત્ પત્ર ભાવાભિવ્યક્તિનો સુંદર આવિષ્કાર બનીને પણ ઊભો રહે છે. જયારે પત્રમાં ભાવ, લાગણીઓની સંકુલતા સાથે સર્જકતાથી અભિવ્યક્તિ થઈ હોય ત્યારે તે પત્રોને સાહિત્ય ગણવું જ રહ્યું.

વ્યુત્પત્તિની દષ્ટિએ જોઈએ તો 'પત્ર' સંસ્કૃત ભાષાનો શબ્દ છે, તે 'પત્' ધાતુમાં 'ષ્ટ્રન' પ્રત્યય લાગવાથી બનેલ છે. 'પત્' ધાતુનો અર્થ થાય છે પડવું, પડી જવું, નીચે આવવું, ઊતરવું વગેરે છે.[૧] શબ્દની વ્યુત્પત્તિને આધારે તેનો અર્થ થાય છે : જે પડે છે, નીચે આવે છે ને એટલે કે વૃક્ષના પાંદડા.[૨]

પત્રએ અભિવ્યક્તિનું માધ્યમ છે. અને સાહિત્યનાં એક અભિન્ન અંગ તરીકે પત્ર સાહિત્ય મળી આવે છે. વિશ્વના અનેક મહાપુરુષોના જીવનમાં ડોકિયું કરીએ તો તેમણે આ પત્ર સ્વરૂપ પાસેથી કામ લીધું જ હશે !

ગુજરાતી પત્રસાહિત્ય ક્ષેત્રે આપણે ત્યાં ઘણાં સર્જકોએ આપણને પત્ર સાહિત્ય અંગેનો દસ્તાવેજ પૂરો પાડ્યો છે. જેમાં ગાંધીજી, મેઘાણી, કલાપી, કાન્ત, મુન્શી જેવા મહાનુભાવો પાસેથી વિપુલ પત્રસાહિત્ય મળે છે.

આપણે અહીં શ્રીમદ્ રાજચંદ્ર લિખિત પત્રસાહિત્યને મૂલવવાનો મારો ઉપક્રમ છે. શ્રીમદ્ રાજચંદ્રના પત્રો ગુજરાતી, જૈન તત્ત્વદર્શનમૂલક સાહિત્ય સંદર્ભે મહત્ત્વનાં છે. શ્રીમદ્ રાજચંદ્રનું પત્રલેખન સમયના લાંબા પટ પરથી સ્થાન પામેલું છે. આ પત્રોમાંથી એમની સાધક, સિદ્ધિ અને સાક્ષાત્કાર સુધીના સોપાનોનો પરિચય મળે છે. એટલે એ રીતે એમાં વૈવિધ્ય છે. શ્રીમદ્ રાજચંદ્રના પત્રો જૈન તત્ત્વદર્શન, જૈન સાધના પદ્ધતિ તથા મોક્ષ પ્રાપ્તિ માટેની ક્રિયાઓ, એમાં આવતી અડચણો સંદર્ભે માર્ગદર્શન રૂપ વિગતોથી સભર છે.

શ્રીમદ્ રાજચંદ્ર પાસે મહાવીર કથિત આગમ પ્રાપ્ત તત્ત્વદર્શનના સિદ્ધાંતો છે. પોતાની સાધનાની, અનુભવની, અનુભૂતિની વિગતો છે. વળી, સંસારી હોવાના કારણે શ્રાવક માનસ સંદર્ભથી પણ પરિચિત છે.

ગદ્યસાહિત્યમાં 'ભાવનાબોધ' અને 'મોક્ષમાળા' એ બે સ્વતંત્ર પુસ્તકો ઉપરાંત અનુવાદ, વિવેચના, રોજનીશી, હસ્તનોંધ ઉપરાંત વિપુલ માત્રામાં શ્રીમદ્ રાજચંદ્ર દ્વારાં કંઈ લખાયું હોય તો તે તેમના પત્રો છે.

વિ.સં.૧૯૪૩થી શરૂ કરી વિ.સં.૧૯૫૭ સુધીના એટલે કે તેર વર્ષના ગાળામાં મુમુક્ષુ પર લખાયેલા ૮૦૦ જેટલા પત્રો આજે ઉપલબ્ધ છે.

શ્રીમદ્દ્નું જીવન જોતા માલુમ પડે છે કે તેમને બાળવયથી જ અધ્યાત્મનો રસ હતો તેથી તેમના સગા–સ્નેહીઓ પણ તેમને અધ્યાત્મમાં રસ હોય તેમ કહી શકતા આવા પરિચિત સ્નેહીઓ, સ્વજનો કે મુમુક્ષુઓએ લખેલા પત્રોમાં પૂછાયેલા પ્રશ્નોનાં ઉત્તર શ્રીમદ્ અધ્યાત્મ શ્રેણીમાં જ આપ્યા છે.

આ બધા પત્રોનું વર્ગીકરણ કરીએ તો ૨૫૦ જેટલાં પત્રો તો શ્રીમદ્દે પોતાના હૃદયસમા કે પરમાર્થ સખાશ્રી સૌભાગ્યભાઈ ઉપર લખેલા છે. ૧૨૫ જેટલાં પત્રો શ્રીમદ્દ્ના મંત્રી કે સેક્રેટરી જેવા શ્રી અંબાલાલભાઈ ઉપર લખેલાં છે. ૧૦૦ જેટલાં પત્રો મુનિશ્રી લલ્લુજી મહારાજ પરના છે. આમ, ૪૭૫ જેટલાં એટલે લગભગ મૂળ જથ્થામાં અડધા કરતા પણ પત્રો આ ત્રણ વ્યક્તિ પરના જ છે.

એ સિવાયના ૩૨૫ જેટલાં પત્રો શ્રી જુઠાભાઈ, ગાંધીજી, મનસુખરામ, સૂર્યરામ, મનસુખલાલ, કિરતચંદ, ખીમજી દેવજી, ત્રિભોવન માણેકચંદ આદિ ૪૦ જેટલી વ્યક્તિ પર લખાયા છે. અહીં મારે આ ૮૦૦ પત્રોનું વર્ગીકરણ કરવું ઘટે. જેમાં

(૧) મુમુક્ષુઓએ લખેલ પત્ર

(૨) ગાંધીજીને લખેલ પત્ર

(૩) વેપારીઓને લખેલ પત્ર

## ◈ ગાંધીજીને લખેલ પત્રો :

નિઃશંક કહી શકાય કે, પૃથ્વી પર માનવજાતનું અસ્તિત્વ હશે ત્યાં સુધી ગાંધીજીનું જીવન અને સંદેશ સૌને પ્રેરણા આપશે. ગાંધીજીની પ્રયોગભૂમિ અને કર્મભૂમિ ભલે ભારત હોય પરંતુ એમની કાર્ય પદ્ધતિ પર સમગ્ર વિશ્વ આજે પણ આશાભરી મીટ માંડીને બેઠું છે.

આંધળી ભૌતિકતા, હિંસાની પરાકાષ્ઠા, પરિગ્રહની ઘેલછા, વકરતો આતંકવાદ, સીમો વિનાના અસત્ય અને અનાસાર અને ધર્મને નામે યુદ્ધો થઈ રહ્યાં છે, ત્યારે વિશ્વને માટે આજે ગાંધી એક શ્રદ્ધા અને પ્રેરણાનું સ્થાન છે.

વિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું કે ‘‘ગાંધીજી નહીં હોય ત્યારે આ જગતને એ વાતનું આશ્ચર્ય થશે કે ખરેખર આ પૃથ્વી પર આવો કોઈ માનવી જન્મ્યો હતો.’’

ગાંધીજીવનનું એ આશ્ચર્ય આજના વિશ્વની સૌથી મોટી આવશ્યકતા બન્યું છે. ગાંધીજીને આ વિશ્વને જે જુદી–જુદી ભાવનાઓ સમજાવી અને પોતાના આચરણથી એ પ્રગટ કરી બતાવી એની ગંગોત્રી જૈનધર્મમાં રહેલી છે.

બ્રિટન ગયેલા ગાંધીજી બૅરિસ્ટર થઈને ઈ.સ.૧૮૯૧ની પમી જુલાઈએ હિંદુસ્તાન પાછા આવે છે. આ સમયે મુંબઈમાં શ્રીમદ્‌નો અંગત સગા અને એમની પેઢીના ભાગીદાર શ્રીરેવાશંકર જગજીવન મહેતા ભાઈ ડૉ. પ્રાણજીવન મહેતાના ઘરે બૅરિસ્ટર મોહનદાસ ગાંધી ઊતર્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર પણ એ જ દિવસે મુંબઈ આવ્યા હતા. અહીં મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રનો પ્રથમ પરિચય થાય છે.

શ્રીમદ્દે ગાંધીજીને લગભગ ૨૦૦ પત્રો લખ્યાની નોંધ મળે છે. ગાંધીજીએ એમના એક પ્રવચનમાં આનો ઉલ્લેખ કર્યો છે. જો એ પત્રો મળે તો અનેક આધ્યાત્મિક, વ્યવહારિક અને મૂળભૂત પ્રશ્નોનો ઉકેલ મળી રહે.

મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર વચ્ચે પત્રવ્યવહાર થયો હતો. એમાંથી માત્ર ત્રણ પત્રો જ ઉપલબ્ધ છે. પ્રથમ પત્રમાં ગાંધીજીએ સત્યાવીશ પ્રશ્નો અને પેટાપ્રશ્નો સહિત કુલ પાંત્રીસ પ્રશ્નો પૂછ્યા છે. બૅરિસ્ટરને છાજે તેવી સ્પષ્ટ અને માર્મિક રીતે ગાંધીજીને પૂછેલા પ્રશ્નોનાં ઉત્તર શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રજ્ઞા અનુભવજ્ઞાન અને સમદર્શિતાથી આપ્યા છે.

આ ત્રણ પત્રો અને શ્રીમદ્ રાજચંદ્રજીએ મોકલાવેલાં ગ્રંથોના ચિંતન–મનનમાંથી ગાંધીજીની ધર્મજિજ્ઞાસા તૃપ્ત થઈ. મતાગ્રહથી, અલિપ્ત એવી શ્રીમદ્‌ની નિષ્પક્ષપાત અધ્યાત્મદષ્ટિ ગાંધીજીને સ્પર્શી ગઈ.

ગાંધીજીના પત્રોના ઉત્તર રૂપે શ્રીમદ્ રાજચંદ્રજીએ લખેલા પત્રો 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકમાં પત્રક્રમાંક ૫૩૦, ૫૭૦ અને ૭૧૭ રૂપે આપણને મળે છે. ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને લખેલ ત્રણ પત્રોમાંના સત્યાવીશ જેટલા પૂછેલા પ્રશ્નોની વિગતે નોંધ જોઈએ તો....

**પ્રશ્ન –(૧) આત્મા શું છે ? (૨) તે કંઈ કરે છે ? (૩) અને તેને ધર્મ નડે છે કે નહીં ?**

ઉપર્યુક્ત પ્રશ્નોનાં પ્રત્યુત્તર રૂપે શ્રીમદ્ રાજચંદ્રજી આ પ્રમાણે લખે છે : ''જેમ ઘટ પટાદિ જડ વસ્તુઓ છે. તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ 'અનિત્ય' છે, ત્રિકાળ એક સ્થિતિ કરી શકે એવો 'નિત્ય' પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈપણ સંયોગોથી થઈ શકી ન હોય, તે પદાર્થ નિત્ય હોય છે. આત્મા કોઈપણ સંયોગથી બની શકે એમ જણાતું નથી. કેમકે જડના હજારો ગમે સંયોગો કરીએ તો પણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવા યોગ્ય છે. જે ધર્મ જે પદાર્થમાં હોય નહીં તેવા ઘણાં પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી, તે ઉત્પન્ન થઈ શકે નહીં. એવો સૌને અનુભવ થઈ શકે તેમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે. તેને વિશે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના પરિણામાંતર કરી સંયોગ કર્યો હોય અથવા થયા હોય તો પણ તે તેવી જ જાતિના થાય, અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા કે જેને જ્ઞાનીપુરુષો મુખ્ય જ્ઞાન સ્વરૂપ લક્ષણવાળો કહે છે, તે તેવા (ઘટપટાદિ પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી ઉત્પન્ન કોઈ રીતે થઈ શકવા યોગ્ય નથી.)

જ્ઞાન સ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને તેના સ્વભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે. તે બંનેના અનાદિ સહજ સ્વભાવ છે. આ તથા બીજાં તેવા સહસ્ત્ર ગમે પ્રમાણો આત્માને નિત્ય પ્રતિપાદન કરી શકે છે. તેમજ તેનો વિશેષ વિચાર કર્યો સહજ સ્વરૂપ

નિત્યપણે આત્મા અનુભવવામાં પણ આવે છે. જેથી સુખ દુઃખાદિ ભોગવનાર. તેથી નિવર્તનાર વિચારનાર, પ્રેરણા કરનાર એ આદિભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આપે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વકાળ રહી શકે એવો નિત્ય પદાર્થ છે, તેમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર થયારૂપ ગુણ થાય છે.

આ પ્રશ્ન તથા તમારા બીજા કેટલાંક પ્રશ્નો એવા છે કે, જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે તેના સ્વરૂપમાં ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી પ્રથમ 'ષટ્દર્શનસમુચ્ચય' ગ્રંથ તમને મોકલ્યો હતો કે જે વાંચવા વિચારવાથી તમને કંઈ પણ અંશે સમાધાન થાય અને આ પત્રમાં પણ કંઈ વિશેષ અંશે સમાધાન થાય એટલું બની શકે. કેમકે તે સંબંધી અનેક પ્રશ્નો ઊઠવા યોગ્ય છે, જે ફરી ફરી સમાધાન પ્રાપ્ત થવાથી, વિચારવાથી સમાવેશ પામે એવી પ્રાયે સ્થિતિ છે.

(૨) જ્ઞાનદશામાં, પોતાના સ્વરૂપનાં યથાર્થબોધથી ઉત્પન્ન થયેલી દશામાં તે આત્મા નિજભાવનો એટલે જ્ઞાન, દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજ સમાધિ પરિણામનો કર્તા છે. અજ્ઞાન દશામાં ક્રોધ, માન, માયા, લોભ એ ઘટપટાદિ પદાર્થનો નિમિત્તપણે કર્તા છે, અર્થાત્ ઘટપટાદિ પદાર્થના મૂળ દ્રવ્યનો તે કર્તા નથી, પણ તેને કોઈ આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્તા છે. એ જે પાછળ તેની દશા કહી તેને જૈનકર્મ કહે છેઃ વેદાંત ભ્રાંતિ કહે છે, તથા બીજા પણ તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી, માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાન પરિણામનો જ કર્તા છે, એમ સ્પષ્ટ સમજાય છે.

(૩) અજ્ઞાનભાવથી કરેલાં કર્મ પ્રારંભકાળે બીજરૂપે હોય વખતનો યોગ પામી ફળરૂપ વૃક્ષ પરિણામે પરિણમે છે; અર્થાત્ તે કર્મો આત્માને ભોગવવાં પડે છે. જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ થાય છે અને તેનું સહેજે વેદનારૂપ પરિણામ થાય છે. તેમ આત્માને ક્રોધાદિ ભાવના કર્તાપણાએ જન્મ, જરા, મરણાદિ વેદનારૂપ પરિણામ થાય

છે. આ વિચારમાં તમે વિશેષણો વિચારશો, અને તે પરત્વે જે કંઈ પ્રશ્ન થાય તે લખશો કેમ કે જે પ્રકારની સમજ તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન – (૨) (૧) ઈશ્વર શું છે ? (૨) તે જગતકર્તા છે એ ખરું છે ?**

**ઉત્તર :** (૧) અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજ સ્વરૂપ, એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે. જ્ઞાનાદિ ઐશ્વર્ય જેને વિશે છે, તે ઈશ્વર કહેવા યોગ્ય છે, અને તે ઈશ્વરના આત્માનું સહજ સ્વરૂપ છે. જે સ્વરૂપ કર્મપ્રસંગે જણાતું નથી. પણ તે પ્રસંગ અન્ય સ્વરૂપ જાણી, જ્યારે આત્માભણી દષ્ટિ થાય છે, અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ સમસ્ત પદાર્થો નીરખતાં પણ અનુભવમાં આવી શકતો નથી, જેથી ઈશ્વર છે તે આત્માનું બીજું પર્યાયિક નામ છે, એથી કોઈ વિશેષ સત્તાવાળા પદાર્થ ઈશ્વર છે એમ નથી, એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે.

(૨) તે જગતકર્તા નથી, અર્થાત્ પરમાણું, આકાશાદિ પદાર્થ નિત્ય હોવા યોગ્ય છે, તે કોઈપણ વસ્તુમાંથી બનવા યોગ્ય નથી. કદાપિ એમ ગણીએ કે, તે ઈશ્વરમાંથી બન્યાં છે, તો તે વાત પણ યોગ્ય લાગતી નથી, કેમકે ઈશ્વરને ચેતનપણે માનીએ તો તેથી પરમાણું, આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઈ શકે ? કેમકે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી. જો ઈશ્વરને જડ સ્વીકારવામાં આવે તો સહેજે તે અનૈશ્વર્યવાન ઠરે છે, તેમજ તેથી જીવરૂપ ચેતન પદાર્થની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. જડચેતન ઊભયરૂપ ઈશ્વર ગણીએ, તો પછી જડચેતન ઉભયરૂપ જગત છે તેનું ઈશ્વર એવું બીજું નામ કહી સંતોષ રાખી લેવા રાખી લેવો તે કરતાં જગતને જગત કહેવું એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણું, આકાશાદિ નિત્ય ગણીએ અને ઈશ્વરને કર્માદિનાં ફળ આપનાર ગણીએ તો પણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચાર પર 'ષટ્દર્શનસમુચ્ચય'માં સારા પ્રમાણો આપ્યાં છે.

**પ્રશ્ન –(૩) મોક્ષ શું છે ?**

જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે. તેથી સર્વથા નિવૃત્તિ થવી મુક્તિ થવી, તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે. તે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે.

**પ્રશ્ન–(૪) મોક્ષ મળશે કે નહીં તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય ?**

**ઉત્તર :** એક દોરડીના ઘણાં બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ–જેમ બંધ છોડવામાં આવે, તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવમાં આવે છે, અને તે દોરડી વળ મૂકી છૂટી ગયાના પરિણામમાં વર્તે છે. એમ પણ જણાય છે, અનુભવાય છે. તેમ જ અજ્ઞાન ભાવના અનેક પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે, તે જેમ જેમ છૂટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે; અને તેનું ઘણું જ અલ્પપણું જયારે પણ ત્યારે, સહેજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાન ભાવરૂપ બંધથી છૂટી શકવાનો પ્રસંગ છે. એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમ જ કેવળ અજ્ઞાનાદિ ભાવથી નિવૃત્તિ થઈ કેવળ આત્મભાવ આજ દેહને વિશે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવવામાં આવે છે; અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવા યોગ્ય છે.

**પ્રશ્ન–(૫) એમ વાંચવામાં આવ્યું કે માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જાનવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય, આ બરાબર છે ?**

**ઉત્તર :** દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે. તેથી તે તિર્યંસ (જનાવર) પણ થાય છે અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી બાકીની બીજી ચાર ઈન્દ્રિયો વિના કર્મ ભોગવવાનો જીવને પ્રસંગ પણ આવે છે, તથાપિ તે કેવળ પથ્થર કે પૃથ્વી થઈ જાય છે, એવું કાંઈ નથી. પથ્થરરૂપ કાયા ધારણ કરે છે અને તેમાં પણ અવ્યક્તપણે જીવ જીવપણે જ હોય છે. બીજી ચાર ઈન્દ્રિયોનું ત્યાં અવ્યક્ત (અપ્રગટ)પણું હોવાથી પૃથ્વીકાય રૂપ જીવ કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત્ત થાય છે ત્યારે, ફકત પથ્થરનું

દળ પરમાણુરૂપે રહે છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યો જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી, અર્થાત્ કેવળ જડ એવો પથ્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષમપણાથી ચાર ઈન્દ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઈ ફકત એક સ્પર્શન્દ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જ કર્મથી થાય છે, તે કર્મ ભોગવતા તે પૃથ્વી આદિમાં જન્મે છે, પણ કેવળ પૃથ્વીરૂપ કે પથ્થરરૂપ થઈ જતો નથી. જનાવર થતાં કેવળ જનાવર પણ થઈ જતો નથી. દેહ છે તે, જીવને વેષધારીપણું છે, સ્વરૂપપણું નથી.

**પ્રશ્ન – ૬, ૭**

**ઉત્તર :** છઠ્ઠા પ્રશ્નનું પણ આમાં સમાધાન આવ્યું છે. જ્ઞાનમાં પ્રશ્નનું પણ સમાધાન આવ્યું છે કે, કેવળ પથ્થર કે કેવળ પૃથ્વી કંઈ કર્મનાં કર્તા નથી. તેમાં આવીને ઉપજેલો એવો જીવ કર્મનો કર્તા છે, અને તે પણ દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બંનેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે અને પાણી તે પાણી છે, તેમ એકેન્દ્રિયાદિ કર્મબંધે જીવને પથ્થરપણું, જડપણું જણાય છે, તો પણ તે જીવંતર તો જીવપણે જ છે; અને ત્યાં તે આહારભયાદિ સંજ્ઞાપૂર્વક છે, જે અવ્યક્ત જેવી છે.

**પ્રશ્ન : ૮ (૧) આર્યધર્મ તે શું ? (૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું ?**

**ઉત્તર :** આર્યધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને આર્યધર્મ કહેવા ઈચ્છે છે, જૈન જૈનને, બૌદ્ધ બૌદ્ધને, વેદાંતી વેદાંતને આર્યધર્મ કહે એમ સાધારણ છે. તથાપિ જ્ઞાની પુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ તેને આર્યધર્મ કહે છે, અને એમ જ યોગ્ય છે.

બધાની ઉત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી. વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે તેથી સહસ્ત્રગણા આશ્રયવાળું જ્ઞાન શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે એમ મારાં અનુભવવામાં આવે છે, અને તેથી હું એમ જાણું છું કે, અલ્પ વસ્તુમાંથી સંપૂર્ણ થઈ શકે નહીં, એમ હોવાથી વેદમાંથી સર્વની ઉત્પત્તિ કહેવી ઘટતી નથી. વૈષ્ણવાદિ સંપ્રદાયોની

ઉત્પત્તિ તેના આશ્રયથી માનતાં અડચણ નથી, જૈન બૌદ્ધના છેલ્લા મહાવીરાદિ મહાત્માઓ થયા પહેલાં, વેદ હતા એમ જણાય છે. તથાપિ જે કંઈ પ્રાચીન હોય તે જ સંપૂર્ણ હોય કે સત્ય હોય એમ કહી શકાય નહીં અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અને અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદ જેવો અભિપ્રાય અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અને અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદ જેવો અભિપ્રાય અને જૈન જેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે. સર્વભાવ અનાદિ છે; માત્ર રૂપાંતર થાય છે. કેવળ ઉત્પત્તિ કે કેવળ નાશ થતો નથી. વેદ, જૈન અને બીજા સૌના અભિપ્રાય શાનો રહે ? તથાપિ એ સૌમાં વિશેષ બળવાન, સત્ય, અભિપ્રાય કોનો કહેવા યોગ્ય છે, તે વિચારવું એ અમને તમને સૌને યોગ્ય છે.

**પ્રશ્ન– ૯ (૧) વેદ કોણે કર્યા ? તે અનાદિ છે ?**

**(૨) જો અનાદિ હોય તો અનાદિ એટલે શું ?**

**ઉત્તર :** (૧) ઘણાં કાળ પહેલાં વેદ થયા સંભવે છે.

(૨) પુસ્તકપણે કોઈ શાસ્ત્ર અનાદિ નથી; તેમાં કહેલાં અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે; કેમકે તેવા તેવા અભિપ્રાય જુદાં–જુદાં જીવો જુદે–જુદે રૂપે કહેતા આવ્યા છે અને એમ જ સ્થિતિ સંભવે છે. ક્રોધાદિભાવ પણ અનાદિ છે, અને ક્ષમાદિભાવ પણ અનાદિ છે. હિંસાદિધર્મ પણ અનાદિ છે અને અહિંસાદિધર્મ પણ અનાદિ છે. માત્ર જીવને હિતકારી શું છે ? એટલું વિચારવું કાર્યરૂપ છે. અનાદિ તો બેય છે. પછી કયારેક ઓછા પ્રમાણમાં અને કયારેક વિશેષ પ્રમાણમાં કોઈનું બળ હોય છે.

**પ્રશ્ન–૧૦ ગીતા કોણ બનાવી ? ઈશ્વરકૃત તો નથી ? જો તેમ હોય તો તેનો કાંઈ પુરાવો?**

**ઉત્તર :** ઉપર આપેલા ઉત્તરોથી કેટલુંક સમાધાન થઈ શકવા યોગ્ય છે કે, ઈશ્વરકૃતનો અર્થ જ્ઞાની (સંપૂર્ણજ્ઞાની) એવો કરવાથી તે ઈશ્વરકૃત થઈ શકે; પણ નિત્ય અક્રિય એવા

આકાશની પેઠે વ્યાપક ઈશ્વરને સ્વીકાર્ય તેવા પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહીં, કેમકે તે તો સાધારણ કાર્ય છે કે જેનું કર્તાપણું આરંભપૂર્વક હોય છે, અનાદિ નથી હોતું. ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો. માટે મુખ્યપણે કર્તા શ્રીકૃષ્ણ કહેવાય છે. જે વાત સંભવિત છે. ગ્રંથશ્રેષ્ઠ છે, તેવો ભાવાર્થ અનાદિથી ચાલ્યો આવે એમ બનવા યોગ્ય નથી; તેમ સક્રિય ઈશ્વરથી પણ તેની ઉત્પત્તિ હોય એમ બનવા યોગ્ય નથી. સક્રિય એટલે કોઈ દેહધારીથી તે ક્રિયા બનવા યોગ્ય છે. માટે સંપૂર્ણજ્ઞાની તે ઈશ્વર છે, અને તેનાથી બંધાયેલા શાસ્ત્રો તે ઈશ્વરી શાસ્ત્ર છે એમ માનવામાં અડચણ નથી.

**પ્રશ્ન–૧૧ પશુ આદિના યજ્ઞથી જરાયે પુણ્ય છે ખરું ?**

**ઉત્તર :** પશુના વધથી, હોમથી કે જરાયે તેને દુ:ખ આપવાથી પાપ જ છે; તે પછી યજ્ઞમાં કરો, કે ગમે તો ઈશ્વરના ધામમાં બેસીને કરો. પણ યજ્ઞમાં જે દાનાદિ ક્રિયા થાય છે તે, કાંઈક પુણ્ય હેતુ છે, તથાપિ હિંસામિશ્રિત હોવાથી તે પણ અનુમોદન યોગ્ય નથી.

**પ્રશ્ન–૧૨ જે ધર્મ ઉત્તમ છે, એમ કહી તેનો પુરાવો માગી શકાય ખરો કે ?**

**ઉત્તર :** પુરાવો માંગવામાં ન આવે અને ઉત્તમ છે એમ વગર પુરાવે પ્રતિપાદન કરવામાં આવે તો તો અર્થ, અનર્થ, ધર્મ, અધર્મ સૌ ઉત્તમ જ ઠરે. પ્રમાણથી જ ઉત્તમ અનુત્તમ જણાય છે. જે ધર્મસંસાર પરિક્ષણ કરવામાં સર્વથી ઉત્તમ હોય, અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ અને તે જ બળવાન છે.

**પ્રશ્ન –૧૩ ખ્રિસ્તી ધર્મ વિષે આપ કંઈ જાણો છો? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવશો.**

**ઉત્તર :** ખ્રિસ્તી ધર્મ વિષે સાધારણપણે હું જાણું છું. ભરતખંડમાં મહાત્માઓએ જેવો ધર્મ શોધ્યો છે, વિચાર્યો છે તેવો ધર્મ બીજા કોઈ દેશથી વિચારાયો નથી, એમ તો એક અલ્પ અભ્યાસે સમજી શકાય તેવું છે. તેમા (ખ્રિસ્તીધર્મમાં) જીવનું સદા પરવશપણું કહ્યું છે, અને

મોક્ષમાં જેમાં યથાયોગ્ય નથી, કર્મસંબંધી વ્યવસ્થા અને તેની નિવૃત્તિ પણ યથાયોગ્ય કહી નથી, તે ધર્મ વિશે મારો અભિપ્રાય સર્વોત્તમ તે ધર્મ છે, એમ થવાનો સંભવ નથી. ખ્રિસ્તી ધર્મમાં મેં જે ઉપર કહ્યા તેવાં પ્રકારનું યથાયોગ્ય સમાધાન દેખાતું નથી. આ વાક્ય મતભેદવશ કહ્યું નથી. વધારે પૂછવા યોગ્ય લાગે તો પૂછશો તો વિશેષ સમાધાન કરવાનું બની શકશે.

**પ્રશ્ન –૧૪ તેઓ એમ કહે છે કે બાઈબલ ઈશ્વર પ્રેરિત છે; ઈસુ તે ઈશ્વરનો અવતાર, તેનો દીકરો છે, ને હતો.**

**ઉત્તર :** એ વાત તો શ્રદ્ધાથી માન્યાથી માની શકાય પણ પ્રમાણથી સિદ્ધ નથી. જેમ ગીતા અને વેદના ઈશ્વર પ્રેરિતપણા માટે ઉપર લખ્યું છે. તેમજ બાઈબલના સંબંધમાં પણ ગણવું. જે જન્મ મરણથી મુક્ત થયા તે ઈશ્વર અવતાર લે તે બનવા યોગ્ય નથી. કેમકે રાગદ્વેષાદિ પરિણામ જ જન્મનો હેતુ છે તે જેને નથી એવો ઈશ્વર અવતાર ધારણ કરે એ વાત વિચારતાં યથાર્થ લાગતી નથી. ઈશ્વરનો દીકરો છે, ને હતો તે વાત પણ કોઈ રૂપક તરીકે વિચારીએ તો વખતે બંધ બેસે નહીં તો પ્રત્યક્ષ પ્રમાણથી બાધા પામતી છે. મુક્ત એવા ઈશ્વરને દીકરો હોય એમ શી રીતે કહેવાય ? અને કહીએ તો તેની ઉત્પત્તિ શી રીતે કહી શકીએ? બન્નેને અનાદિ માનીએ તો પિતાપુત્રપણું શી રીતે બંધ બેસે ? એ વગેરે વાત વિચારવા યોગ્ય છે. જે વિચારોથી મને એમ લાગે છે કે, એ વાત યથાયોગ્ય નહીં લાગે.

**પ્રશ્ન–૧૫ જૂના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું છે તે બધું ઈસામાં ખરું પડ્યું છે.**

**ઉત્તર :** એમ હોય તો પણ તેથી તે બન્ને શાસ્ત્ર વિશે વિચાર કરવો ઘટે છે. તેમ જ એવું ભવિષ્ય તે પણ ઈસુને જ્યોતિષાદિકથી પણ મહાત્માની ઉત્પત્તિ જણાવી સંભવે છે અથવા ભલે કોઈ જ્ઞાનથી તેવી વાત જણાવી હોય પણ તેવા ભવિષ્યવેતા સંપૂર્ણ એવા મોક્ષમાર્ગના જાણકાર હતા તે વાત, જ્યાં સુધી યથાસ્થિત પ્રમાણરૂપ ન થાય. ત્યાં સુધી તે ભવિષ્ય વગેરે એક શ્રદ્ધાગ્રાહ્ય પ્રમાણ છે. તેમ બીજા પ્રમાણોથી તે હાનિ ન પામે એવું ધારણમાં નથી આવી શકતું.

**પ્રશ્ન–૧૬ ઈસુ ખ્રિસ્તના ચમત્કાર" વિષે લખ્યું છે.**

**ઉત્તર :** કેવળ કાયાથી જીવ ચાલ્યો ગયો હોય તે જ જીવ તે જ કાયામાં દાખલ કર્યો હોય અથવા કોઈ બીજા જીવને તેમાં દાખલ કર્યો હોય, તો તે કર્માદિની વ્યવસ્થા પણ નિષ્ફળ થાય. બાકી યોગાદિની સિદ્ધિથી કેટલોક ચમત્કાર ઉત્પન્ન થાય છે. અને તેવા કેટલાંક ઈસુને હોય તો તેમાં તદન ખોટું છે કે અસંભવિત છે, એમ કહેવાય નહીં; તેવી સિદ્ધિઓ આત્માના ઐશ્વર્ય આગળ અલ્પ છે, આત્માનું ઐશ્વર્ય તેથી અનંતગુણ મહત્ સંભવે છે. આ વિષયમાં સમાગમે પૂછવા યોગ્ય છે.

**પ્રશ્ન–૧૭ આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે ? અથવા અગાઉ શું હતા તેની ?**

**ઉત્તર :** તેમ બની શકે. નિર્મળજ્ઞાન જેનું થયું હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરેના ચિહ્નો પરથી વરસાદનું અનુમાન થાય છે. તેમ આ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેના પૂર્વ કારણ કેવાં હોવાં જોઈએ, તે પણ સમજી શકાય; થોડાં અંશે વખતે સમજાય, તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય; અને તેને વિશેષ વિચારતા કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

**પ્રશ્ન–૧૮ પડી શકે તો કોને ?**

**ઉત્તર :** આનો ઉત્તર ઉપર આવી ગયો છે.

**પ્રશ્ન–૧૯ જે મોક્ષ પામેલાનાં નામ આપો છો તે શો આધાર ઉપરથી ?**

**ઉત્તર :** મને આ પ્રશ્ન ખાસ સંબોધીને પૂછો તો તેના ઉપરમાં એમ કહી શકાય કે અત્યંત સંસારદશા પરિક્ષણ જેની થઈ છે, તેનાં વચનો આવાં હોય, આવી તેની ચેષ્ટા હોય એ આદિ અંશે પણ પોતાના આત્મામાં અનુભવ થાય છે અને તેને આશ્રયે તેના મોક્ષ પરત્વે કહેવાય અને ઘણું કરીને તે યથાર્થ હોય એમ માનવાનાં પ્રમાણો પણ શાસ્ત્રાદિથી જાણી શકાય.

**પ્રશ્ન–૨૦ બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો ?**

**ઉત્તર :** તેના શાસ્ત્ર સિદ્ધાંતોને આશ્રયે જે પ્રમાણે તેમનાં શાસ્ત્રસિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે, અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી.

સંપૂર્ણ જ્ઞાન જો ન હોય તો સંપૂર્ણ રાગદ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય ત્યાં સંસારનો સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી, અને તેમનાં કહેલાં શાસ્ત્રોમાં જે અભિપ્રાય છે તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવાનું અમને તમને કઠણ પડે તેવું છે; અને તેમ છતાં કહીએ કે બુદ્ધદેવના અભિપ્રાય બીજો હતો તો તે કારણરૂપ કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.

**પ્રશ્ન–૨૧ દુનિયાની છેવટથી શી સ્થિતિ થશે ?**

**ઉત્તર :** કેવળ મોક્ષરૂપે સર્વ જીવની સ્થિતિ થાય કે કેવળ આ દુનિયાનો નાશ થાય. તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી. આવાને આવા પ્રવાહમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવરૂપાંતર પામી ક્ષીણ થાય, કોઈ વર્ધમાન થાય, પણ તે એક ક્ષેત્રે વધે તો બીજે ક્ષેત્રે ઘટે એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે, તે પરથી અને ઘણાં જ ઊંડા વિચારમાં ગયા પછી એમ જણાવું સંભવિત લાગે છે કે, કેવળ આ સૃષ્ટિ નાશ થાય કે પ્રલયરૂપ થાય એ ન બનવા યોગ્ય છે. સૃષ્ટિ એટલે એક આ જ પૃથ્વી એવો અર્થ નથી.

**પ્રશ્ન–૨૨ આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી ?**

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઈચ્છે છે તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વભાવ અનાદિ છે. નીતિ, અનીતિ, તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ તો તે સ્વીકારી શકાય એવું છે અને એ જ આત્માને કર્તવ્ય છે; અને સર્વ જીવ આશ્રયી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમકે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.

### પ્રશ્ન–૨૩ દુનિયાનો પ્રલય છે ?

**ઉત્તર :** પ્રલય એટલે જો કેવળ નાશ એવો અર્થ કરવામાં આવે તો તે વાત ઘટતી નથી. કેમકે પદાર્થનો કેવળ નાશ થઈ જવો સંભવતો જ નથી. પ્રલય એટલે સર્વ પદાર્થનું ઈશ્વરાદિને વિષે લીનપણું તો કોઈના અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે, પણ મને તે સંભવિત લાગતું નથી. કેમકે સર્વ પદાર્થ, સર્વ જીવ એવાં સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ બને, અને જો તેવાં સમપરિણામનો પ્રસંગ આવે તો પછી ફરી વિષમપણું થવું બને નહીં. અવ્યક્તપણે જીવનમાં વિષમપણું હોય અને વ્યક્તપણું આ રીતે પ્રલય સ્વીકારીએ તો પણ દેહાદિ સંબંધ વિના વિષમપણું આ આશ્રયે રહે ? દેહાદિ સંબંધ માનીએ તો સર્વને એકેન્દ્રિયપણું માનવાનો પ્રસંગ આવે; અને તેમ માનતાં તો વિના કારણે બીજી ગતિઓનો અસ્વીકાર કર્યો ગણાય, અર્થાત્ ઊંચી ગતિના જીવને તેવા પરિણામનો પ્રસંગ મટવા આવ્યો હોય તે પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે. એ આદિ ઘણા વિચાર ઉદ્ભવે છે. સર્વ જીવઆશ્રયી પ્રલય સંભવતો નથી.

### પ્રશ્ન–૨૪ અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે ?

**ઉત્તર :** ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાન સ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળજ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી; અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષાજ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે તથા તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય. એવો કોઈ નિયમ સંભવતો નથી.

### પ્રશ્ન–૨૫ (૧) કૃષ્ણાવતારને રામાવતાર એ ખરી વાત છે ? એમ હોય તો તે શું ? એ સાક્ષાત્ ઈશ્વર હતા કે તેના અંશ હતા ? (૨) તેમને માનીને મોક્ષ ખરો ?

**ઉત્તર :** (૧) બન્ને મહાત્માપુરુષ હતા. એવો તો મને પણ નિશ્ચય છે. આત્મા હોવાથી તેઓ ઈશ્વર હતા. સર્વ આવરણ તેમને મટયાં હોત તો તેનો મોક્ષ પણ સર્વથા માનવામાં વિવાદ

નથી. ઈશ્વરનો અંશ કોઈ જીવ છે એમ મને લાગતું નથી, કેમકે તેને વિરોધ આપતાં એવાં હજારો પ્રમાણ દૃષ્ટિમાં આવે છે. ઈશ્વરનો અંશ જીવને માનવાથી બંધ મોક્ષ બધા વ્યર્થ થાય. કેમકે ઈશ્વર જ અજ્ઞાનાદિનો કર્તા થયો, અને અજ્ઞાનાદિનો જે કર્તા થાય તેને પછી સહેજે અનૈશ્વર્યપણું પ્રાપ્ત થાય ને ઈશ્વરપણું ખોઈ બેસે. અર્થાત્ ઊલટું જીવના સ્વામી થવા જતાં ઈશ્વરને નુકસાન ખમવાનો પ્રસંગ આવે તેવું છે. તેમ જીવને ઈશ્વરનો અંશ માન્યા પછી પુરુષાર્થ કરવો યોગ્ય શી રીતે લાગે ? કેમકે તે જાતે તો કંઈ કર્તા હર્તા કરી શકે નહીં એ આદિ વિરોધથી ઈશ્વરના અંશ તરીકે કોઈ જીવને સ્વીકારવાની પણ મારી બુદ્ધિ થતી નથી. તો પછી શ્રીકૃષ્ણ કે રામ જેવા મહાત્માને તેવા યોગમાં ગણવાની બુદ્ધિ કેમ થાય ? તે બન્ને અવ્યક્ત ઈશ્વર હતા એમ માનવામાં અડચણ નથી. તથાપિ તેમને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટ્યું હતું કે કેમ તે વાત વિચારવા યોગ્ય છે.

(૨) તેમને માનીને મોક્ષ ખરો કે ? એનો ઉત્તર સહજ છે. જીવને સર્વ રાગદ્વેષ અજ્ઞાનનો અભાવ અર્થાત્ તેથી છૂટવું તે મોક્ષ છે. તે જેના ઉપદેશે થઈ શકે તેને માનીને અને તેનું પરમાર્થ સ્વરૂપ વિચારીને સ્વાત્માને વિષે પણ તેવી જ નિષ્ઠા થઈ. તે જ મહાત્માના આત્માને આકારે (સ્વરૂપે) પ્રતિષ્ઠાન થાય ત્યારે મોક્ષ થવો સંભવે છે. બાકી બીજી ઉપાસના કેવળ મોક્ષનો હેતુ નથી તેના સાધનનો હેતુ થાય છે, તે પણ નિશ્ચય થાય જ એમ કહેવા યોગ્ય નથી.

**પ્રશ્ન–૨૬ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર તે કોણ ?**

**ઉત્તર :** સૃષ્ટિના હેતુરૂપ ત્રણે ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય તો તે વાત બંધ બેસી શકે તથા તેવા બીજા કારણોથી તે બ્રહ્માદિનું સ્વરૂપ સમજાય છે. પણ પુરાણોમાં જે પ્રકારે તેમનું સ્વરૂપ કહ્યું છે, તે પ્રકારે સ્વરૂપ છે. એમ માનવા વિષેમાં મારું વિશેષ વલણ નથી, કેમકે તેમાં કેટલાક ઉપદેશાર્થે રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે. તથાપિ આપણે પણ તેનો ઉપદેશ તરીકે લાભ લેવો, અને બ્રહ્માદિના સ્વરૂપનાં સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું, એ મને ઠીક લાગે છે.

**પ્રશ્ન–૨૭ મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ.**

**ઉત્તર :** સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે. તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને દેહમાં પ્રીતિ રહી છે, એવા સર્પને તમારે મારવો કેમ યોગ્ય હોય ? જેણે આત્મહિત ઈચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. કદાપિ આત્મહિત ઈચ્છવું ન હોય તેણે કેમ કરવું ? તો તેનો ઉત્તર એ જ અપાય કે તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું; અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ કયાંથી કરી શકીએ ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય, તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઈચ્છવા યોગ્ય છે.

હવે સંક્ષેપમાં આ ઉત્તરો લખી પત્ર પૂરું કરું છું. ''ષટ્દર્શનસમુચ્ચય'' વિશેષ સમજવાનું યત્ન કરશો. આ પ્રશ્નોનાં ઉત્તરોમાં મારાં લખાણના સંકોચથી તમને સમજવું વિશેષ મૂંઝવણવાળું થાય એવું કયાંય પણ હોય તો પણ વિશેષતાથી વિચારશો, અને કંઈપણ પત્ર દ્વારા એ પૂછવા જેવું લાગે તે પૂછશો તો ઘણું કરીને તેનો ઉત્તર લખીશ. વિશેષ સમાગમે સમાધાન થાય તે વધારે યોગ્ય લાગે છે.

લિ. આત્મસ્વરૂપને વિષે નિત્ય નિષ્ઠાના હેતુભૂત એવા વિચારની ચિંતામાં રહેનાર

રાયચંદના પ્રણામ.

ઉપરોક્ત પ્રશ્નોતરી અંગેનું પુસ્તક 'Shrimad Rajchandra's Reply to Gandhiji's Questions' ઉપરાંત કુમાળપાળ દેસાઈ લિખિત પુસ્તક 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી' જેમાં વિગતે ચર્ચા કરી છે.

## ◈ સમ્યગ્દષ્ટિને સિદ્ધિઓ સાથેનો સંબંધ :

શ્રીમદ્‌ના કહેવા પ્રમાણે સમ્યગ્જ્ઞાની પુરુષોના જે ચમત્કારો જે લોકોએ જાણ્યા છે તે તે જ્ઞાની પુરુષોએ કરેલા સંભવતા નથી, સ્વભાવે કરી સિદ્ધિજોગ પામ્યા હોય છે સમ્યગ્દષ્ટિ આત્મા, જે શોધે ગુણસ્થાને હોય છે, તેને કવચિત્ સિદ્ધિ હોય છે અને નથી પણ હોતી. આ ઉપરાંત શ્રીમદ્ લખે છે.

"જેટલા સમ્યક્ત્વનાં સ્થાનક છે અને જયા સુધી સમ્યક્ પરિણામી આત્મા છે ત્યાં સુધી તે એ કે જોગને વિશે જીવને પ્રવૃત્તિ ત્રિકાળે સંભવતી નથી." (એજન, પૃ.૩૬૪ આંક ૪૫૦)

## ✱ મિથ્યાદષ્ટિ :

શ્રીમદ્દે મિથ્યાતત્ત્વ વિશે વિસ્તારથી કહ્યું છે આત્મા અને દેહનું જેને સ્પષ્ટ ભિન્નપણું ભાસ્યું નથી, દેહમાં આત્મા માનવારૂપ બુદ્ધિ રહ્યાં કરે છે, અનુભવ સ્વરૂપ આત્મા અનુભવ્યો નથી. આત્માનાં અસ્તિત્વવાદિ છ પદનું નિઃશંકત્વ જેને પ્રાપ્ત થયું નથી, તે મિથ્યાદષ્ટિ છે અને તેને જે જ્ઞાન હોય તે મિથ્યાજ્ઞાન છે.

શાસ્ત્રોમાં મિથ્યાતત્ત્વનાં પાંચ પ્રકાર કહ્યાં છે. જેવા કે (૧) અભિગ્રાહક, (૨) અનાભિગ્રાહિક, (૩) અભિનિવેશિક, (૪) સાંશયિક, (૫) અણાભોગિક.

## ✱ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય :

સમ્યગ્દર્શનનાં માહાત્મ્ય વિશે શ્રીમદ્દે વિસ્તૃત જ્ઞાન આપ્યું છે. તેમના જ વચનો જોઈએ તો :

"હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્દર્શન તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો. આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે." (એજન, પૃ.૮૨૪, નોંધ–૨૦)

“અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થયું હતું, તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યક્દર્શનને નમસ્કાર.” (એજન, પૃ.૬૨૫, આંક–૮૩૯)

આગળ જોઈ તેવી સમર્થતા સમક્તિની હોવાથી શ્રીમદ્દે તેનું બહુમાન કરેલું છે. સર્વજ્ઞાનીઓએ સમક્તિને મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું ગણેલ છે. આ સમ્યગ્દર્શન પામેલો જીવ દશા વધતા જ્ઞાની અને સત્પુરુષ થાય છે.

## ❋ જ્ઞાનીની દશા–સ્વરૂપ :

જ્ઞાનીની સમર્થતા બતાવતા શ્રીમદ્દે લખ્યું છે કે,

“એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમાં ભાગે સમાવી દીધી.” (એજન, પૃ.૧૯૭, આંક–૮૧)

આત્મજ્ઞાન થયા પછી જીવની કેવી દશા થાય છે કે જેથી તેનું આટલું બધું માહાત્મ્ય શ્રીમદ્દે બતાવ્યું છે ? આત્મજ્ઞાનીની દશા કેવી હોય તેનું છૂટક–છૂટક નિરૂપણ શ્રીમદ્દે કરેલું છે. જે પરથી આપણને જ્ઞાનની દશા સમજાય છે.

## ❋ જ્ઞાની–અજ્ઞાની વચ્ચેનો ભેદ :

જ્ઞાની તથા અજ્ઞાની વચ્ચે બાહ્ય અને આંતરિક ભેદ છે. માટે જ્ઞાનીને ઓળખવા બળવાન પાત્રતાની આવશ્યકતા છે. શ્રીમદ્દના કહેવા પ્રમાણે : પૂર્વ ઉપાર્જન કરેલાં કર્મો જ્ઞાની તેમજ અજ્ઞાની બન્નેને ભોગવવાં પડે છે. તે કર્મનાં ફળરૂપે શાતા પણ આવે અને અશાતા પણ આવે, પ્રવૃત્તિ પણ આવે અને નિવૃત્તિ પણ આવે સુખ પણ થાય, લાભ પણ થાય અને નુકશાન પણ થાય એટલે કે પૂર્વે જેવાં કર્મો બાંધ્યા હોય તેનું ફળ તો જ્ઞાની અને અજ્ઞાની બન્નેને સરખું જ મળે છે.

અનુકૂળ–પ્રતિકૂળ સંજોગો, લાભાલાભ, નફો, નુકશાન વગેરે બાબતમાં જ્ઞાની સમચિત્ રહે છે. ત્યારે અજ્ઞાની રાગદ્વેષ કરે છે. જ્ઞાની–અજ્ઞાનીની વાણીમાં પણ ભેદ હોય છે. આ બન્નેની વાણીનો ભેદ બતાવતા શ્રીમદ્દે લખ્યું છે કે :

"જ્ઞાનીની વાણી પૂર્વોપર અવિરુદ્ધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી. સર્વથી ઉત્કૃષ્ટ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિશે વર્તવા યોગ્ય નથી. જેમકે યથાસ્થિત પદાર્થદર્શન તેને હોતું નથી, અને તેથી ઠામકામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે... એ આદિ નાના પ્રકારનાં ભેદથી જ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીનું ઓળખાણ ઉત્કૃષ્ટ મુમુક્ષુને થવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષને તો સહજ સ્વભાવે તેનું ઓળખાણ છે. કેમકે પોતે ભાનસહિત છે અને ભાનસહિત પુરુષ વિના આ પ્રકારનો આશય ઉપદેશી શકાય નહીં એમ સહેજે તે જાણે છે."

જ્ઞાની–અજ્ઞાની વચ્ચેનાં ભેદની ખબર સામાન્ય જીવને પડતી નથી. તે આપણે આગળ જોયું માટે શ્રીમદ્ લખે છે...

"જ્ઞાનીનાં વચનોની પરીક્ષા સર્વ–જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત." (એજન, પૃ.૪૯૬, આંક–૬૭૯)

## ✱ જ્ઞાન અને તેના પ્રકાર :

(એજન, આંક–૫૯૭, ૬૭૯, ૭૧૪, ૭૯૯ વગેરે)

શ્રીમદ્‌ના મતે જિનાગમમાં જ્ઞાનનાં કેવળ પાંચ પ્રકાર કહ્યાં છે. (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યત, (૫) કેવળ

### (૧) મતિ–શ્રુતજ્ઞાન :

મતિ અને શ્રુતજ્ઞાન લગભગ સાથે–સાથે જ જાય છે; શ્રુતથી મેળવેલું જ્ઞાન સ્મૃતિમાં રહી જાય છે. એટલે તે મતિજ્ઞાન્ થઈ જાય છે. આથી મતિ અને શ્રુતિજ્ઞાન બન્નેનું મહત્ત્વ સરખું છે.

### (૨) અવધિ :

અવધિજ્ઞાન એટલે સ્થળ, કાળ આદિમાં અમુક હદ સુધીનું જ્ઞાન. આ જ્ઞાન મનુષ્યો જીવોને ચારિત્રપર્યાયની– વિશુદ્ધતાનાં તારાત્મ્યથી ઉપજે છે. વર્તમાન કાળમાં તે વિશુદ્ધતા પ્રાપ્ત થવી દુર્લભ છે. કેમકે કાળનું પ્રત્યક્ષ સ્વરૂપ ચારિત્રમોહનીય આદિ પ્રકૃતિના વિશેષબળ સહિત વર્તતું જોવામાં આવે છે. સામાન્ય આત્મચરિત્ર પણ કોઈક જીવને વિશે વર્તવા યોગ્ય છે. તેવા કાળમાં તે જ્ઞાનની લબ્ધિ વ્યવ્છેદ જેવી હોય તેમાં કંઈ આશ્ચર્ય નથી. આત્મસ્વરૂપે વિચરતાં તે જ્ઞાનનું અસંભવિતપણું નથી. પરમાર્થથી કે જ્ઞાનનો સંભવ છે.

### (૩) મનઃપર્યવજ્ઞાન :

મનઃપર્યવજ્ઞાન એટલે સામાના મનમાં પરિણામ જાણવા. આ જ્ઞાનની પણ વર્તમાનકાળમાં અવધિજ્ઞાન જેવી જ સ્થિતિ છે. આ સંદર્ભે શ્રીમદ્ આપણને વિસ્તૃત માહિતી આપતા લખે છે કે,

“સાધારપણે દરેક જીવને મતિજ્ઞાન હોય છે, તેને આશ્રયે રહેલાં શ્રુતજ્ઞાનમાં વધારો થવાથી તે મતિજ્ઞાનનું બળ વધે છે. એમ અનુક્રમે મતિજ્ઞાન નિર્મળ થવાથી આત્માનું અસંયમપણું ટળી સંયમપણું થાય છે ને તેથી મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. તેને યોગે આત્મા બીજાનો અભિપ્રાય જાણી શકે છે લિંગ દેખાવ ઉપરથી બીજાનાં ક્રોધ–હર્ષાદિ ભાવ જાણી શકાય છે, તે મતિજ્ઞાનનો વિષય છે. તેના દેખાવના અભાવે જે ભાવ જાણી શકાય તે મનઃપર્યવજ્ઞાનનો વિષય છે.”

(એજન, પૃ.૬૭૨, ઉપદેશનોંધ ૨૭)

## (૫) કેવળજ્ઞાન :

શ્રીમદ્દે કેવળજ્ઞાન વિશે વધુ વિચારણા કરી છે. કેવળજ્ઞાનનો સામાન્ય અર્થ લોકોમાં એવો થાય છે કે સમયે સમયનું ત્રણે કાળનું અને ત્રણે લોકનું જ્ઞાન. આ જ્ઞાન કાળમાં, આ ક્ષેત્રે સંભવે નહીં તેવો જિનાગમનો અભિપ્રાય છે.

કેવળજ્ઞાનમાં સમયે–સમયનું જ્ઞાન હોય છે, તે વિશે પણ શ્રીમદ્દે કેટલોક વિચાર કર્યો છે તેઓ કહે છે :

"એક સમયનું, એક પરમાણુંનું અને એક પ્રદેશનું જેને જ્ઞાન થાય તેને કેવળજ્ઞાન પ્રગટે એમ કહ્યું છે તે સત્ય છે. કષાયરહિતપણા વિના કેવળજ્ઞાનનો સંભવ નથી."

(એજન, પૃ.૪૯૭, આંક–૬૭૯)

આમ, સંપૂર્ણ કષાયરહિત સ્થિતિને તેઓ કેવળજ્ઞાન કહે છે. આત્મા જ્યારે શુદ્ધ જ્ઞાનસ્થિતિને ભજે, તેનું નામ કેવળજ્ઞાન મુખ્યપણે છે.

## ✱ જ્ઞાન–વિવેકજ્ઞાન :

(એજન, આંક ૫૬૯, ૫૭૦ વગેરે)

આ જીવ અનાદિકાળથી નરકાદિ સ્થળોમાં પુનઃ પુનઃ દુઃખનો અનુભવ કરતો આવ્યો છે. તેનું કારણ તેને સાચું જ્ઞાન નથી તે છે. જે વડે વસ્તુનું સ્વરૂપ જણાય તે જ્ઞાન અને મિથ્યાત્વ સહિતનું જ્ઞાન તે અજ્ઞાન. આ જ્ઞાન મેળવવાં માટે પદાર્થોનું સ્વરૂપ ગણવું જોઈએ. માટે જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર એ મુખ્ય સાધન છે તો જ્ઞાન માટે ભક્તિએ મુખ્ય પાયો છે. સત્પુરુષના આશ્રયથી સત્યનું જ્ઞાન થાય છે અને સત્પુરુષના યોગથી આવેલું સત્–અસત્ જાણવાનું વિવેકજ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. એ વિવેકથી ધર્મ ટકે છે. સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરવાથી વિશેષ વિવેકજ્ઞાનનો ઉદય થાય છે.

## ❋ જાતિસ્મરણજ્ઞાન પુનર્જન્મ :

(એજન આંક ૬૪, ૨૯ વગેરે)

પૂર્વના ભવોનું જ્ઞાન ? થવું તેને જાતિસ્મરણ જ્ઞાન કહે છે. પૂર્વે આ જીવે શું શું ભોગવ્યું છે, શું શું કર્યું છે. તેનું જ્ઞાન તે જાતિ સ્મરણજ્ઞાન. આ જ્ઞાન આત્માની નિર્મળતા થયે થાય છે. તેથી સર્વજીવને તે જ્ઞાન સંભવતું નથી. જ્ઞાનની તરતમતા અનુસાર વધતા–ઓછાં ભવ જાણી શકાય છે.

શ્રીમદ્‌ના સાહિત્યનો મોટો ભાગ તેઓશ્રી દ્વારાં લખાયેલાં પત્રોનો છે. વિ.સં.૧૯૪૨ થી વિ.સં.૧૯૫૭ સુધી તેઓએ લખેલા પત્રોમાંથી ૮૫૦ પત્રો મળે છે. જે તેમણે ૪૦થી પણ વધારે વ્યક્તિઓને લખ્યા છે. જે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રકાશિતછે. જેમાં મુમુક્ષુઓ ઉપર લખેલાયેલા પત્રોની વિગતે ચર્ચા કરીશું.

આ સૃષ્ટિ શ્રીમદ્‌ના પ્રસાદીરૂપ વિશિષ્ટ પત્રસાહિત્યનો સ્પર્શ મેળવવાં માટે ભાગ્યશાળી બન્યું છે. તે માટે આ જગત શ્રીમદ્‌ના સત્સંગીઓનું ઋણી રહેશે. શ્રીમદ્‌ના આ મુમુક્ષુઓ આપણને ન મળ્યા હોત. આ પરમાર્થ પત્રોના નિમિત છે. શ્રી સૌભાગ્યભાઈ તથા શ્રી અંબાલાલભાઈ જેઓએ આ પરમાર્થોપયોગી પત્રોને એકત્ર કરી, તેની એકનિષ્ઠ જાળવણી કરી, એ અમૂલ્યજ્ઞાન વારસો સર્વજનસુલભ બનાવી આપ્યો છે. તેમણે મોતીના દાણાં જેવા સુંદર છટાદાર અક્ષરે તે પત્રો નોંધપોથીમાં ઉતારવાનું અને પોતાના જીવનના અંત પર્યંત તે પત્રો સુરક્ષિત રાખવાનું મહાન ભક્તિ કાર્ય કર્યું હતું.

શ્રીમદ્‌નું માર્ગદર્શન મેળવવાં તેમના સત્સંગીઓ તેમને પત્ર લખતા. શ્રીમદ્ તેમને વિવિધ દષ્ટિકોણથી તેમની કક્ષાને અનુરૂપ સરળ ભાષામાં તાત્ત્વિક માર્ગદર્શન આપતા. તેમણે આપેલા પરમ રહસ્યભૂત ખુલાસાઓ ઉપરથી વસ્તુતત્ત્વ સમજવાની તેમની નિપુણતાનો પરિચય થાય છે. તેમણે કેવાં વાત્સલ્ય ભાવથી પોતાના આરાધક વર્ગનું જીવન ઘડ્યું. તે તેમના પત્રોમાં સુંદર રીતે પ્રગટ થાય છે.

તેઓના પત્રોમાં મુખ્ય વાત પરમાર્થ વિચારણાની કરવામાં આવી છે. સમગ્ર પ્રાણીમાત્રનું રક્ષણ, બંધવ અને હિતકારી ધર્મની તેઓ વાત કરે છે. આ મનુષ્યદેહને જન્મ–મરણના આ બંધનરૂપી સંસારથી વિરામ પામીને સર્વોચ્ચ પ્રકારનો વીતરાગ ધર્મના આશ્રયે જવાની વાત કરે છે. ઉપરાંત પ્રમાદ છોડવાનું પણ કહે છે. આ મનુષ્યદેહને સાર્થક કરવાનું તેઓએ ભાવવહી આહ્‌વાન કર્યું છે.

## ❖ મુમુક્ષુઓને લખેલ પત્રો :

શ્રીમદ્ રાજચંદ્ર લિખિત મુમુક્ષુઓને વિ.સં. ૧૯૪૩ થી વિ.સં.૧૯૫૭ એમ આ તેર વર્ષનાં સમયકાળમાં લગભગ ૮૦૦ જેટલાં પત્રો લખે છે. જે પ્રાપ્ય છે. આ પત્રોમાં મુખ્યત્વે આત્મા, ધર્મ, વૈરાગ્ય, મોક્ષ, પરમાર્થ એમ વિવિધ વિષયોને આવરી લેતી તત્ત્વવિચારણા કરી છે. મુમુક્ષુઓને લખેલ પત્રોમાં ૨૫૦ પત્રો શ્રી સોભાગભાઈ ઉપર, ૧૨૫ પત્રો શ્રી અંબાલાલભાઈ ઉપર ઉપરાંત ૧૦૦ જેટલા પત્રો મુનિશ્રી લલ્લુજી મહારાજ ઉપર લખેલ છે. આ ત્રણ વ્યક્તિઓ ઉપર અડધાભાગના પત્રો મળી આવે છે. બાકીના પત્રો ગાંધીજી, શ્રીજુઠાભાઈ, મનઃસુખરામ સૂર્યરામ, મનસુખલાલ કીરતચંદ, ખીમજી દેવજી, ત્રિભોવન માણેકચંદ્ર, ચત્રભુજ બેચર એમ ચાળીસેક વ્યક્તિઓ ઉપર તેમની પત્રધારા વહે છે.

મુમુક્ષુઓને લખેલ પત્રોમાં મુખ્યત્વે ધર્મને કેન્દ્રમાં રાખી વિવિધ પ્રકારની તત્ત્વવિચારણા જોવા મળે છે. મુમુક્ષુઓ દ્વારાં પ્રશ્નોનાં સમાધાન રૂપે તાત્ત્વિક ઉત્તરો આપે છે. ભિન્ન–ભિન્ન દષ્ટિકોણથી શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુઓને તેના સંતોષકારક ઉત્તર આપે છે. મુમુક્ષુઓને લખેલ પત્રોમાં તેઓનું તત્ત્વજ્ઞાન પ્રગટ થયા વિના રહેતું નથી. માટે જ તેમના તત્ત્વજ્ઞાન વિશે પંડિત સુખલાલજી લખે છે કે :

“શ્રીમદ્‌નું પોતાનું જ કહી શકાય એવું કંઈ પણ તત્ત્વજ્ઞાન તેમના લખાણોમાં નથી. તેમના જીવનમાં ભારતીય ઋષિઓએ ચિંતવેલું જ તત્ત્વજ્ઞાન સંક્રમે છે. તેમાંય તેમના પ્રાથમિક જીવનમાં જે થોડાંક વૈદિક કે વૈષ્ણવ તત્ત્વજ્ઞાનના સંસ્કારો હતા, તે ક્રમે સમૂળગા ખરી જઈ, તેનું સ્થાન જૈન તત્ત્વજ્ઞાન લે છે અને એ એમના વિચાર તેમજ જીવનમાં એટલું

બધું ઓતપ્રોત થઈ જાય છે કે, તેમની વાણી અને વ્યવહાર જૈન તત્ત્વજ્ઞાનનાં દર્પણ બની જાય છે.''[૧]

શ્રીમદ્‌ના તત્ત્વજ્ઞાન વિશે પંડિત સુખલાલજીએ આપેલો અભિપ્રાય તેઓની સાથે સંમત થવા જેવો લાગે છે. ભારતીય મનિષીઓએ જે ચિંતન રજૂ કર્યું હતું તેવું જ ચિંતન શ્રીમદ્દે પોતાની ચિંતનશક્તિ અને આત્મિકશક્તિ વડે મેળવ્યું હતું એ નિર્વિવાદ છે. તેઓના સ્વરૂપ, જગતનું એકંદર સ્વરૂપ સંસાર, સુખ દુઃખ, કર્મ, કર્મના વિવિધ સત્સંગ, જગતનું એકંદર સ્વરૂપ, ઈશ્વર, જીવનું એકત્વ, અનેકત્વ, સદ્‌ગુરુ સત્સંગ, ભક્તિ, જ્ઞાન વગેરે વિષયોની ગહન વાતો તાત્ત્વિક રીતે તેનું મૂલ્યાંકન થયેલું જણાય છે.

શ્રીમદ્‌ના પત્રોની એકવિધતા તથા વિશાળતા તથા વિચારણા તપાસતા એક મુમુક્ષુ મોહનલાલ દલીચંદ દેસાઈ તેઓના વિશે જણાવે છે કે,

''પોતે કવિ તરીકે ઓળખાયા પણ ખરી રીતે

પ્રધાનપણે કવિ નહિ, પણ ફિલસૂફ હતા.''[૨]

શ્રીમદ્ રાજચંદ્ર નામના પુસ્તકમાં શ્રીમદ્દે મુમુક્ષુઓને પૂછેલા વિવિધ પ્રશ્નોનાં સમાધાન હેતુ પત્રસ્વરૂપે તેના પ્રત્યુત્તર પાઠવ્યા છે. જેની વિગતે ચર્ચા કરવાનો મારો અભિપ્રાય છે.

## ✱ દુ:ષમકાળ[૩]

અહીં પ્રવર્તમાન કાળ વિશે ચર્ચા થયેલી છે. શ્રીમદ્દે અનેક પત્રોમાં જેની વિશદ્ ચર્ચા કરી છે. વ્યાસમુનિએ જે ''કવિયુગ''ની વાત કરી તો જૈન મહાવીર પ્રભુ આ કાળને ''પંચમકાળ'' તરીકે ઓળખાવે છે. આ કાળ વિશે અનેક જ્ઞાનીઓના મત મતાંતરો તેમજ તેના લક્ષણો વિશે જૈનદર્શનનો આધાર લઈ શ્રીમદ્ જણાવે છે કે, અવસર્પિણી અને

ઉત્સર્પિણી એમ બે વિભાગતથી એક કાળચક્ર થાય છે. અવસર્પિણીમાં તે અનિષ્ટતા વધી જાય છે. જ્યારે ઉત્સર્પિણીમાં અનિષ્ટતા ઘટતી જાય છે. હાલમાં અવસર્પિણી કાળ ચાલે છે.

અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં છ આરા હોય છે. અવસર્પિણીમાં પ્રત્યેક આરાનું કાળપ્રમાણ નાનું થતું જાય છે અને ઉત્સર્પિણીમાં તે મોટું થતું જાય છે. અવસર્પિણીમાં પહેલો આરો શરૂ ચાર કોડાકોડિ સાગરનો બીજો ત્રણનો, ત્રીજો બેનો, ચોથો ૧ કોડાકોડિ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછાનો, ૫મો ૨૧૦૦૦ વર્ષનો અને છઠ્ઠો પણ ૨૧૦૦૦ વર્ષનો હોય છે. ઉત્સર્પિણીમાં આથી બરાબર ઊલટું કાળપ્રમાણ હોય છે. પહેલો છઠ્ઠા પ્રમાણે, બીજો પાંચમા પ્રમાણે વગેરે. હાલમાં અવસર્પિણીનો બીજો આરો ચાલે છે અને તેના લક્ષણો એક આચાર્યે તથા મહાવીરપ્રભુએ જણાવ્યાં છે.

આ કાળનાં વિવિધ લક્ષણોની વિશદ્ ચર્ચા તેમણે વિવિધ જુદાં–જુદાં પત્રોમાં કરી છે. જેમાં સત્સંગ, નીતિ, સરળતા, નમ્રતા, આત્માર્થતા, ભક્તિ વગેરે સદ્‌ગુણો કાળક્રમે ક્ષીણ થતા જશે ઉપરાંત કુસંગ, અનીતિ, કટકપણું, સંસારાર્થ, વિષકષાય ભાવ, અભિમાન વગેરે દુર્ગુણો પ્રમાણમાં વધતા જશે જેમકે આ કાળમાં રાજસી, તામસી વૃત્તિ પ્રબળ બનશે અને સાત્ત્વિક વૃત્તિનું દમન થશે. જેથી આ કાળે સત્સંગ, મુમુક્ષુતાનો લોપ થવાની પૂરી સંભાવના રહેલી છે. તેમ શ્રીમદ્ દુઃખ સાથે જણાવે છે.

મુમુક્ષુઓને લખેલ પત્રોમાં વિવિધ વિષયો ઉપર ચર્ચા કરી છે. જેમકે આત્મસ્વરૂપ, મોક્ષ, મોક્ષમાર્ગ, ધર્મ, સદ્‌ગુરુનું માહાત્મ્ય, પ્રત્યક્ષ સત્પુરુષની આવશ્યકતા, આજ્ઞાભક્તિ, જ્ઞાની દશા, જ્ઞાનીની ઓળખ, જીવની પાત્રતા વગેરે વિષયો ઉપર આપેલો તેમનો બોધ મળે છે. તેઓના પત્રોમાં સદ્‌ગુરુ અને સત્સંગનો મહિમા વિશે વાત કરી છે. ઉપરાંત કેટલાંક પત્રોમાં આધ્યાત્મિક મૂંઝવણોનું તેઓએ સમાધાન પણ આપ્યું છે. પત્રોમાં કેટલાંક પારિભાષિક શબ્દોના સ્પષ્ટ, સરળ અને સુચારું ખુલાસા પણ આપ્યા છે. તેઓના પત્રોની શૈલી માર્મિક છે. ગદ્ય સરળ, પ્રાસાદિક, સચોટ અને ભાવવહી દેખાય આવે છે. વિવિધ વિષયોની વિવિધતા જોતા આપણાં ચિત્તને એક ગહન વિચાર તરફ દોરી જાય છે. તેઓના

વક્તવ્યમાં સ્પષ્ટતા જોવા મળે છે. અનેક ગૂઢ રહસ્યોની સમજાવટ પ્રવર્તમાન સમયમાં પણ પ્રજ્ઞાનીએ તેની શંકાનું સમાધાન કરાવી આપે છે. તર્કબદ્ધતાથી રજૂ કરેલા તેઓના વિચારો આપણને પ્રતીતિ કરાવે છે કે, તેઓનું ચિંતન પરિપકવ અને સ્પષ્ટ હતું. અભિવ્યક્તિક્ષમતા સહજ હતી.

## ✱ સંસાર :

સંસાર વિશે શ્રીમદ્દ્ શુભ કે અશુભ કર્મના ફળરૂપે જીવ ચારે ગતિમાં વિવિધ દેહ ધારણ કરીને જ્યાં જાય ત્યાં મહાત કરતો આવ્યો છે. આ ચારેય ગતિમાં તેનું પરિભ્રમણ તે સંસાર છે. સર્વજ્ઞાનીઓ તેમજ શ્રીમદ્દ્ તેને દુઃખકર્તા ગણાવ્યો છે.

સંસારમાં સર્વત્ર દુઃખ જ છે. જે સુખ દેખાય છે એ માત્ર નરી કલ્પના છે એવો મત છે. ઉપરાંત દરેક સુખની પાછળ દુઃખ રહેલું છે. આ સંસારનો અંત આણવા માટે દરેક જ્ઞાનીઓએ બોધ આપ્યો છે. જેમકે, દેહ, કુટુંબ, લક્ષ્મી, વૈભવ, વિલાસ વગેરેમાં રચ્યા પચ્યા રહેનાર તેમજ તેને જ સુખ માનનાર જીવ તેનું ગ્રહણ અને ત્યાગ તેના કર્માનુસાર કરતો આવ્યો છે. શ્રીમદ્ એવા નિશ્ચય પર આવ્યા હતા કે "કુટુંબરૂપી કાજળની કોટડીમાં રહેવાથી સંસારની વૃદ્ધિ થાય છે અને તેના ત્યાગથી જેટલો સંસાર ક્ષય થાય છે તેનો સોમો હિસ્સો પણ કુટુંબ વાસથી થવાનો નથી." જીવનની વિવિધ અવસ્થા તેમને સુખકર લાગતી નથી. દરેક મોહ ઓછો કરવાની વાત કરે છે. તેમજ આત્મજ્ઞાન મેળવવાં માટે પુરુષાર્થનો ઉપદેશ આપે છે.

## ◈ પ્રમાદ–અપ્રમાદ :

(એજન, આંક–૩૯૯, ૪૨૩, ૪૮૬, ૯૪૪)

ધર્મના કાર્ય નિરુત્સાહ એ પ્રમાદ છે. ધર્મનો ઉન્માદ, અનાદર, કષાય, આળસ એ પ્રમાદનાં લક્ષણો છે. પ્રમાદરહિત જીવ આત્મકલ્યાણમાં પ્રવૃત્ત રહે છે. મોક્ષમાર્ગમાં સ્થિર રહીને મોક્ષ પામે છે. આ પ્રમાદ કર્તવ્ય છે. જ્યારે પ્રમાદ એ કર્મ છે. શ્રીમહાવીર પ્રભુએ

ગૌતમસ્વામીને તથા અન્ય સર્વજીવોએ વારંવાર એક પળનો પણ પ્રમાદ ન કરવાનો બોધ આપ્યો છે. કારણ કે એક પળ જેટલા પ્રમાદના સેવનથી એક ભવ હારી જવા જેવું થાય છે.

શ્રીમદ્ પ્રમાદ ત્યાગનું મહત્ત્વ બતાવતા લખે છે :

"કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્ પુણ્યના યોગથી, વિશેદ્ધમતિથી તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષોના સમાગમથી તે ઉપાય સમજાવા યોગ્ય છે. તે સમજાવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે. તે પણ અનિયત કાળના ભયથી ગૃહિત છે; ત્યાં પ્રમાદ થાય છે, એ ખેદ અને આશ્ચર્ય છે."

(એજન, પૃ.૬૧૫, આંક–૮૧૬)

### ◈ વ્યવહાર શુદ્ધિ :

(એજન, આંક–૪૮,૪૯૬,૮૭૨)

શ્રીમદ્દે ગૃહસ્થજીવનની પાયાની વાત કરી છે. વ્યવહારશુદ્ધિ માટે એણે કેટલાંક નિયમ પણ આપ્યા છે. જેમકે અનાચારથી લક્ષ્મી ન મેળવવી જોઈએ. વિશ્વાસઘાત, વ્યસન, ખોટા લેખ કરવા, જુલમીભાવ કહેવા, કોઈપણ રસ્તે મેળવેલી લક્ષ્મીથી વ્યવહારશુદ્ધિ જળવાતી નથી. ઉપરાંત શ્રીમદ્દે નીતિને વ્યવહારશુદ્ધિનો મુખ્ય પાયો ગણાવ્યો છે. જ્યાં સુધી જીવન ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાં સુધી નીતિથી જીવન જીવવું જોઈએ એવો તેમનો આગ્રહ જોવા મળે છે.

### ◈ આત્મા :

(એજન, આંક : ૧૩૦, ૪૨૫,૪૩૨, ૫૩૦, ૫૭૦)

અનેકાનેક શાસ્ત્રોમાં જેની મુક્તિ મને ચર્ચા થઈ છે. દરેક ધર્મમાં જેનો ઉલ્લેખ જોવા મળે છે. જે આત્મા કોણ છે ? કેવો છે ? કયાંથી થયો ? તેવું સ્વરૂપ શું ? તેને જાણવા અનેક જ્ઞાનીઓએ અથાગ પરિશ્રમ કર્યો છે. તેઓના જણાવ્યા પ્રમાણે આત્મા એ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંપ્રકાશિત છે. અનંતસુખનો ભોક્તા છે. વળી તે અરૂપી, નિરંજન, નિરાકાર વગેરે ગુણોવાળો, લક્ષણોવાળો, સર્વજ્ઞ અને દૃષ્ટા પણ છે.

એવા આત્માને પામવા માટે શ્રીમદ્દે બોધ આપ્યો છે. તેઓ કહે છે કે જેઓ આત્માને પામ્યા છે. તેઓ અનંતસુખના ધણી થયા છે. આત્માની સમજણ પામવા માટે, તેમના પત્રોમાં આત્મા વિષયક વિશદ્ ચર્ચા થયેલી છે. આત્માને પામવાનો બોધમાં શ્રીમદ્દે તેમને પામવાના સાધનો, લક્ષણો બતાવ્યા છે. વિવિધ દૃષ્ટિબિંદુથી તેઓએ આત્મા વિશે વિચાર કર્યો છે.

અનંતાનું બધી, ઉદયવાળો, અભવ્ય, આત્માર્થી, એકેદ્રિયથી પંચેન્દ્રિય, ક્રિયાકાંડ, ક્ષયિક સમકિતી, દુર્ભવ્ય, દેહધારી, દેહરહિત, ભવ્ય, માર્ગાનુસારી, મુમુક્ષુ, વર્તમાન, વિચારમાન, સંસારી સિદ્ધ વગેરે સ્થિતિ ભોગવતા આત્માને વિશે તેમણે વિભિન્ન પત્રોમાં તેનો મત જણાવ્યો છે. શ્રીમદ્ જૈનદર્શન અનુસાર આત્માને અનેક માને છે.

## ◈ ધર્મ :

(એજન, આંક : ૩૭,૯૭,૨૬૬, ૪૦૩,૪૮૬, ૫૩૦)

શ્રીમદ્ ધર્મ વિશે જૂઠાભાઈને એક પત્રમાં લખે છે કે "પરમશાંતિપદને ઈચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઈચ્છામાં ને ઈચ્છામાં તે મળે જશે." (એજન, પૃ.૧૭૦, આંક–૩૭)

જે પરમશાંતિ અર્થે તે ધર્મ તેમજ જગતમાં અધોગતિમાં પડતા જીવને ધારી, ટકાવી રાખનાર તત્ત્વ તે ધર્મ : શ્રીમદ્ ધર્મને આવા વિશાળ અર્થમાં સમજાવતા હતા. જગતમાં જાતજાતના ધર્મ પ્રવર્તે છે. તેમાં સાચો ધર્મ કયો તે કઈ રીતે જાણવું ? તે જાણવાની રીત

બતાવતાં શ્રીમદ્દે કહ્યું છે કે, જે ધર્મથી વૈરાગ્ય આવે સંસાર ક્ષીણ થાય અને આત્માને પરમ શાંતિ મળે તે સાચો ધર્મ. તેનાથી ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયોનો પણ નાશ થવો જોઈએ.

શ્રીમદ્દે પોતાની આ કસોટીથી ઘણાં ધર્મો તપાસ્યા હતા અને તેમને અનેક રીતે ચકાસી જોતા જૈન ધર્મની ઉત્તમતા જણાઈ હતી. તેઓને ધર્મ પ્રત્યે દ્વેષ નહોતો. દરેક ધર્મમાંથી સાચા તત્ત્વો લેવાં તે સદાય તત્પર રહેતા હતા. સર્વધર્મ પ્રતિ તેમની સમાન દષ્ટિ હતી.

જે ધર્મથી આત્મા–પમાય તે જ શ્રેષ્ઠ ધર્મ અને તેજ સ્વીકારવો તેવો તેમનો અભિપ્રાય સ્પષ્ટ જોવા મળે છે. ઉપરાંત ધર્મમાં દેખાતાં અનેક મતમતાંતરોથી દૂર રહેવાનો બોધ તેમણે મુમુક્ષુઓને કર્યો છે. તેઓ લખે છે.

“ગમે તે વાટે અને ગમે તે દર્શનથી કલ્યાણ થતું હોય, ત્યાં પછી મતાંતરની કંઈ અપેક્ષા શોધવી યોગ્ય નથી. આત્મત્વ જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી કે જે જ્ઞાનથી પ્રાપ્ત થાય, તે અનુપ્રેક્ષા, તે દર્શન કે તે જ્ઞાન સર્વોપરી છે.” (એજન, પૃ.૧૯૩, આંક–૭૧)

### ◈ કલ્યાણ :

(એજન, આંકઃ ૪૩૦, ૪૪૯, ૪૦૬, ૯૧૩ વગેરે)

આત્માના કલ્યાણ માટે સર્વગુણ વિકસાવવાની વાત કરતા તેઓ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનો સર્વોત્તમ ઉપાય બતાવતા શ્રીમદ્ લખે છે :

“જ્ઞાનીને ઓળખો – ઓળખી એઓની આજ્ઞા આરાધો. જ્ઞાનીની એક આજ્ઞા આરાધના અનેકવિધ કલ્યાણ છે.”

(એજન, પૃ.૬૬૯, ઉપદેશનોંધ–૧૬)

જે વડે સંસારની મુક્તિ થાય, આત્મા પમાય અર્થાત્ આત્માના દુઃખો જાય તેને શ્રીમદ્ કલ્યાણ તરીકે ઓળખાવે છે. ભૌતિક સુખ કે વૈભવની પ્રાપ્તિને તેઓ કલ્યાણ કહેતા નથી. જુદી–જુદી જગ્યાએ નાના–નાના ફકરાઓમાં શ્રીમદ્દે આ કલ્યાણનો માર્ગ બતાવ્યો છે. જ્ઞાનીની આજ્ઞાએ સર્વ સમર્પણભાવથી જીવ વર્તે તો તેનું આત્મકલ્યાણ થાય. અન્ય કોઈપણ ઈચ્છાથી નહિ પણ આત્માનું કલ્યાણ કરવાની ઈચ્છાથી જ જો જ્ઞાની પુરુષની આજ્ઞા પાળવામાં આવે તો તે કલ્યાણ થવા માટેનું બળવાન નિમિત્ત છે.

આમ, કલ્યાણ કરવા માટે જ્ઞાની પુરુષની આજ્ઞાએ પ્રવર્તન કરવું એ સર્વ જ્ઞાનીઓને મતે સચોટ ઉપાય છે.

## ◈ ત્યાગ–સર્વસંગ પરિત્યાગ :

(એજન, આંક–૭૧,૫૬૯,૬૬૩ થી ૬૬૫)

શ્રીમદ્દે ત્યાગનો અર્થ સમજાવતા એક પત્રમાં કહ્યું છે કે :

"આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થોનો તાદાત્મ્ય–અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિનત્યાગ કહે છે."

(એજન, પૃ.૪૫૨, આંક–૫૬૯)

શ્રીમદ્દના જણાવ્યા પ્રમાણે સંસારમાં રહીને સંસારનો ક્ષય થઈ શકતો નથી, તેનો ત્યાગ એ મહત્ત્વનો છે. સર્વશાસ્ત્રોના બોધનું, ક્રિયાનું, જ્ઞાનનું, ભક્તિનું અને યોગનું પ્રયોજન સ્વરૂપપ્રાપ્તિ માટે છે. એટલે કે સંસારનો ક્ષય કરવા માટે છે પણ એ વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે સર્વસંગ પરિત્યાગની આવશ્યકતા છે. સંસારનો ક્ષય કરવા માટે તેનો ત્યાગ તે મહત્ત્વનો છે. આત્મજ્ઞાન હોય કે ન હોય, મુક્ત થવાની ઈચ્છાથી સર્વસંગ પરિત્યાગ ઉપાસવામાં આવે તો કલ્યાણ થાય છે. એમ શ્રીમદ્દે જણાવ્યું છે.

## ◈ તપશ્ચર્યા :

(એજન, આંક–૭૧, ૨૯૯ વગેરે)

શ્રીમદ્ મુમુક્ષુઓને તપના મુખ્ય બે અને ગૌણ છ પ્રકાર જણાવ્યા છે. તેઓ કહે છે બાંધેલા કર્મસમૂહને બાળવા માટે તપ એ ઉત્તમ સાધન છે. તપના બે પ્રકાર છે : (૧) બ્રાહ્યતપ, (૨) અભ્યાંતર તપ તથા અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, વૃત્તિસંક્ષેપ, કાયકલેશ, સંલીનતા એ બ્રાહ્યતપ છે. જ્યારે પ્રાયશ્ચિત, વિનય, શાસ્ત્રપઠન, ધ્યાન, વૈયાવચ્ચ અને કાર્યોત્સર્ગ એ અભ્યંતર તપ છે. મુમુક્ષુઓને આ સર્વપ્રકારના તપ કરીને કર્મસમૂહને બાળવા પડે છે અને તે દ્વારા જ સ્વરૂપ પમાય છે.

તપ વિશે શ્રીમદ્ એક પત્રમાં લખ્યું છે કે,

“ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્ર વાચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે. તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું. એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે– સમજાતું જાય છે. એ લક્ષ અચળ થયા વિના જપ, તપ ધ્યાન કે દાન કોઈની યથાયોગ્ય સિદ્ધિ નથી અને ત્યાં સુધી ધ્યાનાદિક નહિ જેવાં કામના છે. (શ્રીમદ્‌ના વિચારત્નો, પૃ.૨૯)

આમ, શ્રીમદ્‌ની દષ્ટિએ તપ અગત્યનું છે. પણ સર્વ આત્માર્થે થવાં જોઈએ. તેમના પત્રોમાં બાહ્ય તપ કરતા આંતરિક તપને પ્રાધાન્ય આપેલ છે.

## ◈ ઈન્દ્રિયજય :

(શ્રીરાજચંદ્રના વિચારરત્નો, પૃ.૪૯)

જયને શ્રીમદ્ આવશ્યક માન્યો છે. તેઓ કહે છે કે જીવનું કલ્યાણ થવા માટે મોહાદિનો ત્યાગ થવો જરૂરી છે અને મનને કાબૂમાં રાખવું એટલું જ જરૂરી છે. ઉપરાંત દરેક જીવે પાંચ ઈન્દ્રિયના વિષયમાં જાગૃત રહેવું આવશ્યક છે. વૃત્તિઓનું દમન કરવું તેમજ

પાંચ ઈન્દ્રિયોને વશ કરવા માટે વસ્તુઓની અનિત્યતા વિચારવી, તેમાંથી મળતા સુખ પાછળ દુઃખ છે. તે વિચારવું. માત્ર સત્પુરુષના આશ્રયે રહી ઈંદ્રિયજય કરવો એવું શ્રીમદ્‌નું સૂચન છે.

(શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ, આંક ૧૬૬, ૫૦૬, ૭૦૬ વગેરે)

મનુષ્યદેહ શરીર વિશે શ્રીમદ્‌નું સૂક્ષ્મ અધ્યયન છે. તેઓ દેહ અને આત્મા વિશે વિશદ્ ચર્ચા કરે છે. જ્ઞાની અને અજ્ઞાનીની ભેદરેખા જણાવે છે. દેહ વિશે વાત કરતા એક પત્રમાં લખ્યું છે કે,

“આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્માત્ર દ્વેષ ન રહે, સર્વત્ર સમદશા વર્તે, એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.”

(એજન, પૃ.૬૦૪, આંક–૭૮૦)

અહીં શ્રીમદ્દે મનુષ્યપણું ચિંતામણિરત્ન તુલ્ય ગણ્યું છે. તેઓ કહે છે કે :

“જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્નતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે, વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમયમાત્ર ચિંતામણિરત્નથી પરમ મહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તો એક ફૂટી બદામની કિંમતનું નથી. એમ નિઃસંદેહ દેખાય છે.”

(એજન, પૃ.૫૬૧, આંક–૭૨૫)

### ◈ કર્મ :

(એજન, આંક : ૪૮૭, ૪૯૪,૫૪૮,૭૭૩, ૯૧૫ વગેરે)

શ્રીમદ્દે કર્મના સિદ્ધાંતની વિશદ્ વાત કરી છે. સામાન્ય રીતે કહી શકાય કે જો શુભ કર્મ હોય તો શુભ ફળ મળે અને અશુભ કર્મ હોય તો અશુભ ફળ મળે. આ શુભ અને

અશુભનો ભાવ આપણાં આત્મા તરફ આકર્ષે છે. કર્મ ઘણાં પ્રકારનાં છે. જેમાં ૧૫૮ મહત્ત્વના ગણાય છે. તેમાં મુખ્ય આઠ કર્મ જેમકે– જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય. ઉપરોક્ત આઠ કર્મોનો દેહ અને આત્મા સાથે સંબંધ રહેલો છે. પહેલાં ચારને ઘાતી કહેવાયા છે. જ્યારે બીજા ચાર ને અઘાતી કહેવાય છે. પહેલાં ચાર આત્માના ગુણોનો ઘાત કરતા હોવાથી ઘાતી કહેવાય છે. તેનો સીધો આત્મા સાથે સંબંધ છે. બાકીના ચાર આત્માના ગુણનો ઘાત કરતા ન હોવાથી અઘાતી કહેવાય છે અને તેને શરીરી સાથે સંબંધ છે. ઘાતી અને અઘાતી કર્મોના પણ વિભિન્ન પેટા પ્રકાર છે. જેની ચર્ચા કરવાનો મારો ઉપક્રમ નથી.

કર્મનો સિદ્ધાંત છે – માત્ર બાંધેલા કર્મોનું વહેલાં મોડું ફળ મળે છે તેટલું જ બધા કર્મો અનાદિકાળથી જીવને લાગેલા છે. જ્યારે શુભ અશુભ કર્મમાં બંધાય ત્યારે તે પ્રમાણે ફળ ભોગવ્યા કરે છે. પરંતુ શુભ કર્મથી નિવૃત્ત થાય ત્યારે તે મોક્ષ પામે છે.

જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર તત્ત્વને કર્મ છે. જ્ઞાન થયા પછી જીવને કર્મના કોઈપણ પ્રકારના ઉદયમાં હર્ષ–શોક કે રાગ દ્વેષ રહેતા નથી. જ્ઞાનીના આશ્રયે ચાલવાથી કર્મ ક્ષય થાય છે. કર્મ વિશેની વિચારણા શ્રીમદ્દે મુમુક્ષુઓને ૧૦૦ જેટલા પત્રોમાં આપી છે.

## ◈ કષાય :

(એજન પત્રાંક : ૪૫૯, ૫૨૨, ૬૧૩, ૬૨૧)

શ્રીમદ્દે ચાર પ્રકારના કષાય કહ્યા છે. જેમાં ક્રોધ, માયા અને લોભ. આ ચાર કષાયના પણ બીજા ચાર વિભાગ કહ્યા છે. જેમકે : અનંતાનુબંધી, અપ્રત્યાખાની, પ્રત્યાખાની અને સંજવલન, કષાયની ૧૬ પ્રકૃતિ જણાવી છે. તેઓએ આ કષાય સમજાવતા લખ્યું છે કેઃ

“જે કષાય પરિણામથી અનંત–સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિનપ્રવચનમાં ‘અનંતાનુબંધી’ સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે અપ્રસ્તભાવે,

તીવ્રોપ્રયોગે આત્માની પ્રવૃત્તિ છે; ત્યાં અનંતાનુબંધીનો સંભવ છે. મુખ્ય કરીને અહીં કહ્યાં છે તે સ્થાનકે તે કષાયનો સંભવ છે. સત્દેવ, સત્ગુરુ અને સત્યધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય એ આદિ પ્રવૃત્તિથી તેમ જ અસત્દેવ અસદ્ગુરુ તથા અસત્ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધ કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિપ્રવૃત્તિથી પ્રવર્તતાં 'અનંતાનુબંધી–કષાય' સંભવે છે અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જ મર્યાદા પછી ઈચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાનુબંધી' હોવા યોગ્ય છે.

(એજન, પૃ.૪૭૧, આંક–૬૧૩)

શ્રીમદ્દ્ ઉપરના અવતરણમાં સ્પષ્ટ બતાવ્યું છે કે, અંનતાનુંબંધી કષાય અને અનંત સંસાર કઈ રીતે વધે. અનંતાનુબંધી, ક્રોધ, માન, માયા અને લોભની ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ્ થાય ત્યારે જ સમક્તિ થાય છે. શ્રીમદ્દ્ કષાય વિશે વિસ્તૃત કહે છે કે સૌથી વધુ તીવ્ર કષાય તે અનંતબંધી અને સૌથી મૃદુ કષાય તે સંજવલન, સંજવલનમાં સૂક્ષ્મ પ્રકારનાં ક્રોધ, માન, માયા અને લોભ હોય છે.

આ કષાયનું સ્વરૂપ સમજાવી શ્રીમદ્દ્ તેનાથી નિષ્ફળ થવાનો બોધ અનેક જગ્યાએ કર્યો છે.

## ◈ જીવના દોષ :

(એજન, આંક–૬૯૬, ૨૫૪, ૪૪૯,૫૨૨,૫૯૭, ૬૫૮ વગેરે)

મુમુક્ષુઓએ લખેલ પત્રોમાં 'જીવના દોષ' ઉપર પણ ચર્ચા થયેલી છે. મોક્ષ મેળવવાં માટે શું કાર્ય કરવું અને મોક્ષ ન મળવા પાછળ શું કારણો હોય શકે તો શ્રીમદ્ મોક્ષ ન મળવા પાછળના મુખ્ય ચાર કારણો જણાવે છે. સ્વચ્છંદ, અજ્ઞાન, અભિનિવેશ અને અભિમાન આ ચાર કારણો વિશે શ્રીમદ્દ્ પોતે લખેલ પત્રોમાં વારંવાર ચર્ચા કરી છે.

### ◈ સ્વછંદ :

સ્વછંદ એટલે પોતાની રુચિ અનુસાર ચાલવાની વૃત્તિ. અનાદિકાળથી જીવ સ્વચ્છંદથી જ વર્તતો આવ્યો છે એટલે તેને માર્ગની પ્રાપ્તિ થઈ નથી. માર્ગ ન મળવાનું સૌથી બળવાન કારણ સ્વછંદ છે. જો સંસારના દુઃખથી અને પરિભ્રમણથી છૂટવું હોય તો સ્વછંદનો ત્યાગ કરવો જોઈએ. તેજના માર્ગ મળે છે, મુમુક્ષતા આવે છે, જ્ઞાની માટે અહોભાવ જાગે છે. ભવભ્રમણ જાય છે, વગેરે લાભ થાય છે. આમ શ્રીમદ્દે સ્વછંદ છોડવા આગ્રહ કર્યો છે.

### ◈ અજ્ઞાન :

અજ્ઞાન એટલે જ્ઞાનરહિત દશા નહિ, પણ મિથ્યાતત્ત્વ સહિતનું જ્ઞાન. જો મિથ્યાતત્ત્વ જાય તો જીવને સમ્યજ્ઞાન થાય અને તેનું અજ્ઞાન મટે. અજ્ઞાન એ કલ્યાણના માર્ગમાં અંતરાયરૂપ છે. કહેવાય છે કે, સરળપણું ક્ષમા પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ, જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ આ બધા સાધનોને હાથવગા રાખવાથી અજ્ઞાનતા દૂર થાય છે. એ વિશે શ્રીમદ્ જણાવે છે કે

“જયાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઈચ્છાને એટલે આજ્ઞાએ નહીં વર્તાય ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.”

(એજન, પૃ.૨૬૨, આંક–૨૦૦–૫)

ઉપરોક્ત શ્રીમદ્‌ના અજ્ઞાનતા વિશેના વિચારમાં સહભાગી થવું પડે તેમણે કહ્યું કે સત્સંગ, સત્પુરુષનો યોગ વગેરે અજ્ઞાન ટાળવાના બળવાન નિમિતો છે. શ્રીમદ્દે જીવને માર્ગ ન મળવાનું ત્રીજું કારણ અભિનિવેશ ગણાવ્યું. અભિનિવેશ એટલે આસક્તિ. અભિનિવેશ (આસક્તિ)ના બે પ્રકાર છે. (૧) લૌકિક (૨) શાસ્ત્રીય. જેમકે બ્રાહ્ય પદાર્થો તેમજ દેહ ઈત્યાદિમાં આસક્તિ હોવી તે લૌકિક અભિનિવેશ છે. જીવ આત્મા સિવાયના દેહ, પુદ્ગલ, ધન, વૈભવ, સ્ત્રી, પુત્ર, કુટુંબ, સત્તા, અન્ય માન્યતામાં રચ્યાપચ્યા રહેતા જીવની વાત કરી છે તો શાસ્ત્રીય અભિનિવેશ વિશે શ્રીમદ્દે કહ્યું છે કે,

“આત્માર્થ સિવાય શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ શાસ્ત્રીય અભિનિવેશ છે.”

(એજન, પૃ.૪૯૦, આંક–૬૬૧)

સ્વછંદરહિત પુરુષને આત્મા સમજવા માટે શાસ્ત્રો ઉપકારી છે એ લક્ષ રાખીને સત્‌શાત્ર વિચારવામાં આવે તો તે શાસ્ત્રીય અભિનિવેશ ગણાય નહીં. આમ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાથી આ બંને પ્રકારનાં અભિનિવેશ ત્યાગી શકાય છે તેમ શ્રીમદ્દ્ જણાવ્યું છે. તો અભિમાન એ પણ મોટો દોષ છે. તેમાં મમતા ભળતાં તે દોષો વિશેષ વધે છે. આ જીવને કુળનું, દેહનું, રૂપનું, સત્તાનું, ધનનું, એમ અનેક પ્રકારનાં અભિમાન હોય છે. અભિમાન અને મમતા જીવના દોષો છે. તેનાથી જીવનું અકલ્યાણ થાય છે. કારણ કે તેમાંથી રાગદ્વેષ જનમતા કર્મબંધ ઘણો વધી જાય છે. અભિમાન ટાળવા માટે સદ્‌ગુરુ કે પ્રભુના ગુણો વિચારવાનું કહ્યું છે. સતત જાગૃત રહેવાથી અભિમાન ટળે છે. શ્રીમદ્દ્ તેમના એક પત્રમાં લખ્યું હતું કે–

“તે અહંભાવને જો આગળથી ઝેર જેવો પ્રતીત કર્યો હોય, તો પૂર્વાપર તેનો સંબંધ ઓછો થાય. કંઈક અંતરમાં ચાતુર્યાદિ ભાવે મીઠાશ સૂક્ષ્મપરિણિતિએ પણ રાખી હોય, તો તે ઉપર વિશેષતા પામે છે, પણ ઝેર જ છે, નિશ્ચિય ઝેર જ છે. પ્રગટ ‘કાળકૂટ’ ઝેર છે. એમાં કોઈ રીતે સંશય નથી અને સંશય થાય, તો તે માનવી નથી; તે સંશયને અજ્ઞાન જ જાણવું છે, એવી તીવ્ર ખારાશ કરી મૂકી હોય તો તે અહંભાવ ઘણું કરી બળ કરી શકતો નથી.”

(એજન, પૃ.૫૨૪, આંક–૭૧૬)

મમતાને ટાળવા માટે સર્વનું અનિત્ય સ્વરૂપ વિચારવાની ભલામણ શ્રીમદ્દ્ કરી છે. તો ઉપરાંત જીવમાં પ્રવર્તતાં સ્વચ્છંદ, અજ્ઞાન, અભિનિવેશ, અભિમાન, મમતા આદિ દોષો

પ્રત્યક્ષ કરાવી તે કઈ રીતે અનિષ્ટ છે તે પણ જણાવેલું છે અને સાથે–સાથે તે દોષો ટાળવાનો ઉપાય પણ બતાવ્યો છે.

### ◈ પરિગ્રહ :

(એજન, આંક ૩૩૨, ૭૬૨, ૭૩૭ વગેરે)

પરિગ્રહને શ્રીમદ્ અવૈરાગ્યના મૂળ તરીકે ઓળખાવે છે. તેઓ કહે છે પરિગ્રહ વધારવાની વૃત્તિવાળા મન ચળવિચર રહ્યા કરે છે, તેથી પરિગ્રહ તો ત્યાગ આવશ્યક છે. પરિગ્રહનો સંપૂર્ણપણે ત્યાગ તો મુનીશ્વરો જ સર્વસંતપરિત્યાગી હોય છે. તેઓ જ કરી શકે છે. શ્રીમદ્દે ત્યાં સુધી કહ્યું કે, પરિગ્રહની મર્યાદા થવાથી તે ઉપરાંતની પરિગ્રહબુંદ્ધ ચાલી જાય છે. તેથી જે હોય તેમાં જીવ સુખ અને સંતોષ મેળવી શકે છે. જેમ બને તેમ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ જેમ–જેમ તેનો મોહ ઘટતો જાય તેમ–તેમ પોતાપણાનું માન ઘટે છે. સંયમના રક્ષણ કાજે કંઈ પરિગ્રહ નથી પરંતુ તેનાથી જો મૂર્છા થાય તો તે પરિગ્રહ છે.

''જ્ઞાની પુરુષને જે સુખ વર્તે છે તે નિજ સ્વભાવમાં સ્થિતિનું વર્તે છે. અન્ય બ્રાહ્યપદાર્થો તેને સુખબુદ્ધિ નથી, માટે તે તે પદાર્થથી જ્ઞાનીને સુખદુઃખ આદિનું વિશેષ ઓછાપણું કહી શકાતું નથી, જો કે અમાન્યપણે શરીરના સ્વાસ્થ્યાદિથી શાતા, જવરાદિથી અશાતા જ્ઞાની અને અજ્ઞાની બન્નેને થાય છે તથાપિ જ્ઞાનીને તે તે પ્રસંગે હર્ષ–વિષાદનો હેતુ નથી. અથવા જ્ઞાનના તારતમ્યમાં ન્યૂનપણું હોય તો કંઈક હર્ષ–વિષાદ તેથી વિષાદ થતા નથી. ઉદયબળે કંઈક તેવાં પરિણામ થાય છે તોપણ વિચારજાગૃતિને લીધે તે ઉદય ક્ષીણ કરવા પ્રત્યે જ્ઞાની પુરુષના પરિણામ વર્તે છે.

(એજન, પૃ.૪૬૭, આંક–૬૦૩)

સુખ દુઃખ પ્રત્યે જ્ઞાનીની આવી વિશિષ્ટ દષ્ટિ હોવાને લીધે તેમને આશ્રયે જો સમગ્ર જીવન વિતાવવામાં આવે તો જીવના જન્મમરણના ફેરા ટળી જાય છે. દુઃખ મટી જાય છે અને આત્માનું અનંત સુખ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક દુઃખ ટાળવા માટે જ્ઞાનીની આજ્ઞા પ્રમાદરહિત

થઈ પાળવી, એ જ શ્રેષ્ઠ ઉપાય છે. સુખનો, શ્રેયનો આવો માર્ગ તો કોઈ વિરલા પુરુષો જ જાણે છે. તેના વિશે શ્રીમદ્ લખે છે કે:

"સર્વ સુખને ઈચ્છે છે, પણ કોઈક વિરલા

પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે."

(એજન, પૃ.૬૦૬, આંક ૩૮૩)

આમ, શ્રીમદ્દે સુખ દુ:ખ વિશે વિશદ્ ચર્ચા કરીને કહ્યું કે જ્યાં સુધી દુ:ખનું મૂળ કારણ યથાર્થપણે જોવામાં ન આવે ત્યાં સુધી તેને ટાળવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ દુ:ખનો ક્ષય થતો નથી.

## ◈ મનુષ્યશરીર :

(એજન પત્રાંક : ૫૯૨, ૬૮૯, ૬૯૨, ૯૨૭)

શ્રીમદ્ મનુષ્ય દેહની વાત કરતા પૂર્વે વિવિધ ગતિની વાત કરે છે. જેમકે સંસારમાં પરિભ્રમણ કરતા જીવનને મનુષ્ય દેવ, નિર્યંસ કે નરક એ ચાર ગતિમાની  કોઈપણ એક ગતિનો દેહ કર્મના ભોગવટા માટે પ્રાપ્ત થાય છે. ઉપરાંત આ ચારમાંથી કોઈપણ દેહ નિત્ય નથી, આત્મા મૂળ અશરીરી છે, પણ કર્મનો ફળરૂપે તેને દેહ મળે છે. ચાર પ્રકારનાં દેહની વાત કરતાં શ્રીમદ્દે મનુષ્યદેહને ઉત્તમ ગણ્યો છે અને આ દેહમાંથી મુક્તિ મેળવવી હોય તો પ્રબળ પુરુષાર્થ માત્ર મનુષ્યદેહ જ કરી શકે છે. ઉપરાંત આ દેહ કષ્ટદાયક પણ છે.

જીવનમાં ગમે તેટલી વિપત્તિ આવી પડે તો પણ દરેક જીવે પરમાર્થ દષ્ટિથી વિચારવું જોઈએ. એટલે જ શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું છે કે,

"ગમે તેટલી વિપત્તિઓ આવી પડે તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઈચ્છા કરવી યોગ્ય નથી."                    (એજન, પૃ.૩૩૧, આંક–૩૭૪)

શ્રીમદ્દે સોભાગભાઈને સાંસારિક મુશ્કેલીઓ વિશે ઉપદેશાત્મક પત્રો લખ્યા હતા. સંસાર વિશેની વિચારણા અંગે તેઓ એક પત્રમાં લખે છે કે,

“જ્ઞાની પુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે.”

(એજન, પૃ.૩૮૧, આંક–૪૬૫)

કહેવાય છે કે શ્રીમદ્ સંસારથી ખૂબ દુઃખી હતા તેઓ નિવૃત્તિ ઈચ્છતા હતા. આમ છતાં સંસારમાં રહેવા માટે એક સ્થિતિ તેમને અનુકૂળ લાગી હતી તેના વિશે તેઓ લખે છે.

“જગત આત્મરૂપ માનવામાં આવે. જે થાય તે યોગ્ય જ માનવામાં આવે, પરના દોષ જોવામાં ન આવે, પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે, તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે. બીજી રીતે નહિ” આ રીતે રહેવું કેવું કઠીન છે. શ્રીમદ્‌ની સંસાર વિશેની અભિવ્યક્તિ વિચારણીય છે.

(એજન, પૃ.૩૦૭, આંક–૩૦૧)

### ◈ સુખદુઃખ :

(એજન પત્રાંકઃ ૧૯૪, ૪૮૭)

શ્રીમદ્દે સુખ અને દુઃખ વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. પ્રત્યેક જીવ જન્મ, જરા, મરણ વગેરેના દુઃખ સાથે બીજા અનેક દુઃખ પણ ભોગવે છે. કોઈને શરીરનો વ્યાધિ હોય, કોઈને ધનનું, કોઈને મનનું, કોઈને કુટુંબનું, કોઈને સ્નેહીનું અને કોઈને કોઈ પ્રકારનું દુઃખ હોય જ છે. કોઈપણ જાતનું દુઃખ ન હોય તેવો કોઈ જીવ સંસારમાં છે જ નહિ. દુઃખ તે શા માટે ભોગવે છે ? એ પ્રશ્નનો વિચાર શ્રીમદ્દે બહુ ઊંડાણપૂર્વક કરવા જણાવ્યું છે. સુખદુઃખની અવસ્થા સંદર્ભે જ્ઞાનીનું વર્તન કેવું હોય તે જણાવતાં એક પત્રમાં લખે છે કે–

## ◈ વૈરાગ :

(એજન, આંક : ૫૦૬, ૫૬૯ વગેરે)

આ જીવને સંસારથી છૂટવાની થયેલી પ્રાથમિક ઈચ્છા તે વૈરાગ. વૈરાગ્ય ત્યાગને લાવે છે. સંસારનું સ્વરૂપ વિચારવાથી જેમ વૈરાગ્ય આવે તેમ સદ્ધર્મ, સત્શાસ્ત્ર, સદ્‌ગુરુના સેવનથી વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. આરંભ અને પરિગ્રહ એ અવૈરાગ્યના મૂળ છે. તેનો ત્યાગ કરવાનો ઉપદેશ જ્ઞાનીઓએ આપ્યો છે.

## ◈ અસંગતા :

(એજન આંક ૨૦૧, ૪૩૦, ૫૮૫ વગેરે)

અસંગતા આવતા આત્મભાવની વૃદ્ધિ થાય છે અને આત્મા સંપૂર્ણ શુદ્ધ થતાં પૂર્ણ અસંગતતા આવે છે. આ અસંગતા વધારવા માટે જગતના અન્ય પદાર્થોની સ્પૃહા ઘટાડવી તથા સત્શાસ્ત્રાદિ સત્શ્રુતનો પરિચય કરવો તેમજ જ્ઞાનીની આશ્રયે રહી ચાલવું. આ આત્માને કોઈના પણ સંગની ઈચ્છા ન રહે તે અસંગદશા, સંપૂર્ણ અંગદશા તો કેવળજ્ઞાન થયા પછી આવે છે.

## ◈ ધ્યાન :

(એજન, આંકઃ ૫૯,૬૨, ૪૧૬ વગેરે)

શ્રીમદ્દે ધ્યાનના મુખ્ય ચાર પ્રકાર જણાવ્યાં છે. જેમાં (૧) આર્ત, (૨) રૌદ્ર, (૩) ધર્મ, (૪) શુકલ. આમાંથી શ્રીમદ્દે આર્ત અને રૌદ્ર એ બે ધ્યાનને સર્વથા ત્યાગવાનો જ ઉપદેશ આપ્યો છે. ધ્યાન કેવી રીતે કરવું તેના વિશે માર્ગદર્શન આપતા શ્રીમદ્ લખે છે....

“જો પદ્માસન વાળીને કિંવા સ્થિર આસનથી બેસી શકાતું હોય, સૂઈ શકાતું હોય તો પણ ચાલે, પણ સ્થિરતા જોઈએ ચળવિચળ દેહને થતો હોય તો આંખો વીંચી જઈ નાભિના

ભાગ પર દષ્ટિ પહોંચાડી પછી છાતીના મધ્યભાગમાં આણી, કપાળનાં મધ્યભાગમાં તે દષ્ટિ ઠેઠ લાવી, સર્વજગત શૂન્ય ભાસરૂપ ચિંતવી પોતાના દેહમાં સર્વસ્થળે એક તે જ વ્યાખ્યું છે. એવો ભાસ લઈ જે રૂપે પાર્શ્વ નાથાદિક અર્હત્‌ની પ્રતિભા સ્થિર દેખાય છે. તેવો ખ્યાલ છાતીના મધ્યભાગમાં કરો. તેટલામાંથી કઈ થઈ ન શકતું હોય તો.... સવારના ચાર વાગે કે પાંચ વાગે જાગૃતિ પામી, સોડ તાણી એકાગ્રતા ચિંતવવી, અર્હત સ્વરૂપનું ચિંતવન બને તો કરવું નહીં તો કંઈપણ નહીં ચિંતવતા સમાધિ કે બોધિ એ શબ્દો ચિંતવવા.... ઓછામાં ઓછી બાર પળ અને ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત સ્થિતિ રાખવી.''

(એજન, પૃ.૧૮૪, આંક–૫૯)

ધ્યાન કરવાથી પરમકલ્યાણ થાય છે તેમ શ્રીમદ્દે કહ્યું છે પણ સત્સંગ વિનાનું ધ્યાન તરંગરૂપ થઈ જાય છે. તેથી સત્સંગ તો ચાલુ હોવો જ જોઈએ.

### ◈ સત્શ્રુત – સત્શાસ્ત્ર :

(એજન, આંક–૫૮,૧૩૯,૮૨૪, ૮૨૫)

શ્રીમદ્‌ના કહેવા પ્રમાણે આ સત્શ્રુત એટલે ''શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેના સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.''

(એજન, પૃ.૬૧૮, આંક–૮૨૫)

આમ, સત્શ્રુતનો પરિચય એટલે અત્શાસ્ત્રનો પરિચય શાસ્ત્રના મર્મ જાણવાથી કરવો જોઈએ. કારણકે,

''શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે.... મર્મ કહ્યો નથી, મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે.

(એજન, પૃ.૧૮૪, આંક–૫૧૮)

શ્રીમદ્ કહે તે મુજબ જેમાંથી આત્માના વૈરાગ આદિને પોષણ મળે તે સત્શાસ્ત્ર છે. સત્શાસ્ત્ર વિશે વિશેષ ઉપદેશ આપતા શ્રીમદ્ લખે છે કે,

"શાસ્ત્રોના પાનાં ઉપાડવાં અને ભણવા તેમાં કાંઈ અંતર નથી. જો તત્ત્વ ન મળ્યું તો કારણ કે કાંઈ અંતર નથી બેયે બોજો જ ઉપાડ્યો. પાનાં ઉપાડ્યાં તેણે કાયાએ બોજો ઉપાડવાના ભાગી ગયા હતા. તેણે મને બોજો ઉપાડ્યો... શાસ્ત્રભ્યાસનો નિષેધ કરવાનો હેતુ નથી... પણ મૂળ વસ્તુથી દૂર જવાય એવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરીએ છીએ."

આમ, શાસ્ત્રોના ખરા અર્થ સમજવાનું અને તેને હૃદયગત કરવાનું શ્રીમદ્ કહે છે.

## ◈ મુમુક્ષુ – મુમુક્ષુતા :

(શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ ૧૯૪, ૨૫૪, ૪૨૨,૫૯૫ વગેરે)

શ્રીમદ્દે મુમુક્ષુ અને મુમુક્ષતા પર તેમના દિવ્ય વિચારો રજૂ કર્યા છે. તેઓ કહે છે. મોક્ષનો ઈચ્છુક તે મુમુક્ષુ. તેમાં શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા હોય છે. તેઓ લખે છે.

"જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે."

(એજન, પૃ.૨૯૮, આંક–૨૭૪)

સામાન્ય જન અને મુમુક્ષુનું વર્તન તદ્દન ભિન્ન હોય છે. મુમુક્ષુને સંસારનું સ્વરૂપ સતત કારાગ્રહ જેવું લાગવું જોઈએ. તે સંસારથી વિમુખ થવાનો પ્રતિદિન પ્રયત્ન કરતો રહે છે. ઉપરાંત મુમુક્ષુને આરંભ, પરિગ્રહ અને રસાસ્વાદ વગેરે પર પ્રતિબંધ કરવો આવશ્યક છે. આરંભ–પરિગ્રહનો જેમ જેમ મોહ ઓછો થાય તેમ તેમ પોતાનાપણાનું અભિમાન ઓછું થાય છે અને જીવની સત્સંગ તરફની મુમુક્ષુતા વધે છે અને મોક્ષમાર્ગે પ્રયાણ થાય છે. શ્રીમદ્ લખે છે.

"મુમુક્ષતા તે છે કે સર્વ પ્રકારની મહાશક્તિથી મૂંઝાય એક 'મોક્ષ'ને વિશે જ યત્ન કરવો અને તીવ્ર મુમુક્ષતા એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું."

(એજન, પૃ.૨૮૮, આંક ૨૫૪)

અહીં પરમ વિનય એ મુમુક્ષુતા મેળવવાનો મોક્ષમાર્ગ કહ્યો છે.

## ◈ સદ્‌ગુરુની આવશ્યકતા :

(એજન, આંક – ૫૪,૧૬૬, ૨૪૯,૩૭૨,૩૭૫,૩૯૭,૪૪૯,૪૯૩, ૪૯૭, ૫૨૨, ૫૨૮, ૬૪૭,૮૩૭ વગેરે)

આ જગતમાં પ્રત્યેક જીવ કોઈને કોઈ પ્રકારનું દુઃખ ભોગવે જ છે. સર્વ જીવ તે દુઃખથી છૂટવા માટે ઈચ્છે છે પણ તેવું થતું નથી પણ આ દુઃખની નિવૃત્તિ દુઃખ જેમાંથી જન્મ પામે એવા રાગદ્વેષ અને અજ્ઞાનાદિ દોષોની નિવૃત્તિ થતી નથી. દુઃખની મુક્તિ મેળવવા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે. તો સદ્‌ગુરુની વાણી વિશે શ્રીમદ્ લખે છે કે,

"જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરુદ્ધ, આત્માર્થ ઉપદેશક તથા અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણ હોતા નથી."

(શ્રીમદ્ રાજચંદ્રના વિચારરત્નો, પૃ.૮)

શ્રીમદ્દે સદ્‌ગુરુ અને સત્પુરુષનું માહાત્મ્ય તથા તેની આવશ્યકતા પત્રે પત્રે જણાવી છે. જેના આશ્રયમાં જવાથી જીવનું કલ્યાણ થાય તે સત્પુરુષ, તો સત્પુરુષ કેવો હોય તેનાં લક્ષણો શ્રીમદ્દે અનેક પત્રોમાં બતાવ્યા છે અને તેમની આજ્ઞાને વર્તવાનો ખૂબજ અનુરોધ કર્યો છે.

## ◈ સત્સંગમાં આવશ્યક વસ્તુઓ :

શ્રીમદ્‌ના કહેવા પ્રમાણે ''આત્માને સત્ય રંગ ચડાવે તે સતસંગ.'' મહાનપુરુષોના સાનિધ્યમાં રહેવું તે સત્સંગ છે. કહેવાય છે કે જેનાથી આત્મસિદ્ધિ થાય તે સત્સંગ છે અને આવો સત્સંગ મેળવવા માટે મુમુક્ષ પાસે કેટલાંક લક્ષણો હોવા જરૂરી છે. જેમકે દ્રવ્યાદિ પદાર્થ ઉત્પન્ન કરવામાં નીતિન્યાય સંપન્ન રહેવું તો તન, મન અને ધનથી બાહ્ય વસ્તુઓની આસક્તિનો ત્યાગ કરી સત્પુરુષ સમાગમમાં જોડાવું. ઉપરાંત સત્પુરુષના વચનમાં પ્રીતિ–ભક્તિ હોવી એ ત્રીજું લક્ષણ છે. તેમજ આરંભ, પરિગ્રહ, રસાસ્વાદ હોવી અને ત્રીજું લક્ષણ છે. તેમ જ આરંભ, પરિગ્રહ, રસાસ્વાદ આદિનો પ્રતિબંધ કરવો એ ચોથું લક્ષણ છે. તો મુમુક્ષુ જો કોઈ સત્પુરુષનો આશ્રય પ્રાપ્ત થયો હોય તો તેની પાસે જ્ઞાનની યાચના ન કરવી ઘટે. વૈરાગ્ય અને ઉપશમ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો ઘટે ને તે યોગ્ય પ્રકારે સિદ્ધ થાય તો જ્ઞાનીનો ઉપદેશ જલ્દીથી પરિણમે છે. એક પત્રમાં તેની વિરુદ્ધ સ્થિતિ વિશે લખ્યું છે :

''જ્ઞાની પુરુષને મળીને જ આત્મભાવે સ્વછંદભાવે કામનાએ કરી, રસે કરી સંસારને ભજે છે. તેને તીર્થંકર પોતાના માર્ગથી બહાર કહે છે.''

(શ્રીરાજચંદ્રના વિચારરત્નો, પૃ.૧૩)

પોતાના હિત માટે સત્સંગ એ પ્રબળ અને બળવાન આયુધ છે. પાંચ ઈન્દ્રિયવિષયોમાં ઉદાસીનતા રાખવી જરૂરી બને છે. જેમકે સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારં, અલ્પપરિગ્રહ, જ્ઞાનીપુરુષોની ભક્તિ એ બધું સત્સંગ માટે આટલું જ જરૂરી છે. શ્રીમદ્‌ના પત્રોમાં સૌથી વિશેષ જો કંઈ લખાયું હોય તો તે જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાની આવશ્યકતા વિશે લખે છે. સત્પુરુષની આજ્ઞાએ ચાલવાથી સૌથી મહત્ત્વનું ફળ મળે છે. તેની પ્રતીતિ થતાં જીવનું કલ્યાણ થાય છે એટલે જ તેઓ લખે છે.

"પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમમાં અને તે આશ્રયમમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષ સંબંધી બધા સાધનો અલ્પપ્રયાસે અને અલ્પકાળે પ્રાયે સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે.)

(શ્રીમદ્ રાજચંદ્ર, અગાસ આવૃત્તિ, પૃ.૬૦૭, આંક ૭૮૩)

ભક્તિનું આટલું માહાત્મ્ય છતાં તે ભક્તિનો વર્તમાન કાળમાં લોપ થયેલો જોઈને શ્રીમદ્‌ને ઘણો ખેદ થતો હતો. અને તે ખેદ તેમણે કેટલીકવાર વ્યક્ત પણ કર્યો હતો. શ્રીમદ્ ભક્તિ, તેનું સ્વરૂપ, તેનું માહાત્મ્ય, તેની શ્રેષ્ઠતા તે માર્ગના પ્રકાશનની યોગ્યતા વગેરે મુદ્દાઓ વિશેની વિચારણા પત્રોમાં પ્રગટ કરી છે. જેમાં તેમણે ભક્તિનું અપૂર્વ માહાત્મ્ય અનેક વખત બતાવ્યું છે.

## ◈ સમ્યગ્દર્શન :

(એજન, જુઓ આંક ૧૦૫, ૧૩૫, ૧૪૩, ૩૯૭, ૪૩૧, ૪૫૦, ૪૫૯, ૪૯૩, ૫૭૦, ૭૬૯, ૭૭૧ વગેરે)

શ્રીમદ્ મુમુક્ષુઓને લખેલ પત્રોમાં સમ્યગ્દર્શનની વિશદ્ ચર્ચા કરી છે. શ્રીમદ્‌ના કહેવા પ્રમાણે સમ્યગ્દર્શન કોને કહેવાય ? તો કે આત્મા જેવો છે તેવો જેને અનુભવાય તેને સમ્યગ્દર્શન થયું કહેવાય. તેના ત્રણ પ્રકાર કહ્યા છે. જેમકે, (૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, (૨) આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, (૩) સ્વછંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ. જેનામાં વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું જેવા ગુણો હોય તે આત્મા તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. કર્મમુક્ત થવાની જેને સાચી દષ્ટિ હોય તે સમ્યગ્દર્શન મેળવવાને પાત્ર છે. શ્રીમદ્ દશેક જેટલાં સમ્યગ્દર્શનના ગુણો દર્શાવ્યા છે જેમકેઃ

(૧) સત્પુરુષના ચરણનો ઈચ્છક

(૨) સદૈવ સૂક્ષ્મબોધનો અભિલાષી

(૩) ગુણ પર પ્રશસ્તભાવ રાખનાર

(૪) બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન

(૫) જ્યારે સ્વદોષ દેખાય ત્યારે તેને છેદવાના ઉપયોગ કરનાર

(૬) ઉપયોગી એક પળ પણ ભરનાર

(૭) આહીર, વિહાર, નિહારનો નિયમી

(૮) એકાંતવાસને વખાણનાર

(૯) પોતાની ગુપ્તતા દબાવનાર

(૧૦) તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી.

ઉપરોક્ત ગુણો ધરાવનાર કોઈપણ પુરુષ સમ્યગ્દશાને પાત્ર બને છે. સંસારનો નિર્વેદ, કષાયની મંદતા, મોક્ષની અભિલાષા, સત્પુરુષનું માહાત્મ્ય જીવને લાગે ત્યારે જ જીવ સમ્યગ્દશાને મેળવે છે. આથી સર્વગુણ સંપન્ન થવા માટે પુરુષાર્થી હોવું એ આવશ્યક છે. સમ્યગ્દશાવાળા જીવમાં પાંચ લક્ષણો જોવા મળે છે. જેમકે (૧) શમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) આસ્થા, (૫) અનુકંપા જેને સમજીએ.

**(૧) શમ :**

ક્રોધાદિ કષાયોનું સમાઈ જવું, ઉદય, આવેલા કષાયોની મંદતા થવી, અનાદિકાળની વૃત્તિઓ સમાઈ જવી તે શમ.

**(૨) સંવેગ :**

મુક્ત થવા સિવાય બીજા કોઈ પ્રકારની અભિલાષા ન હોય તે સંવેગ.

(૩) **નિર્વેદ :**

સંસારથી વૈરાગ્ય તે નિર્વેદ.

(૪) **શ્રદ્ધા–આસ્થા :**

વીતરાગપ્રણીત માર્ગમાં જેના વચનોનું બહુ મૂલ્ય છે તે નિઃસ્પૃહી મહાત્માના વચનોમાં શ્રદ્ધા તે આત્મા.

(૫) **અનુકંપા :**

સર્વે જીવોમાં પોતાના જેવી જ દષ્ટિ સર્વપ્રીતિ કરુણાભાવ તે અનુકંપા.

સમ્યગ્દષ્ટિ જીવનમાં આ પાંચ લક્ષણો અવશ્ય જોવા મળે છે.

## ◈ ક્ષાયિક સમક્તિ આ કાળે સંભવે ?

(એજન, પૃ.૩૪૪, આંક ૩૯૭)

ક્ષાયિક સમક્તિના સંદર્ભમાં શ્રીમદ્‌ના જણાવ્યાં પ્રમાણે ક્ષાયિક સમક્તિની વ્યાખ્યા આગમોમાં સમજાવેલી નથી, પણ એટલું જાણી શકાય છે કે જે જીવને ક્ષાયિક સમક્તિ પ્રગટ્યું હોય તે જીવને કદાચ નવકારશી જેટલું વ્રત પણ ન હોય, છતાં પણ તે જીવ વધુમાં વધુ ભવ અને નહિ તો તે જ ભવે મુક્તિ પામે છે. એવી આશ્ચર્યકારક ક્ષાયિકસમક્તિની વ્યાખ્યા તેમાં બતાવી છે. જેનું આવું માહાત્મ્ય છે, તે ક્ષાયિક સમક્તિીની દશા કેવી સમજવી? આ દશા આગમોમાં જળવાઈ નથી, મુમુક્ષોએ શ્રીમદ્‌ને આ કાળમાં ‘ક્ષાયિક સમક્તિ’ વિશે જિનાગમના વચન વિશે મત માગ્યો હતો તેના પ્રત્યુત્તરરૂપે શ્રીમદ્ લખે છે કે,

“હાલ જેને જિનસૂત્રોને નામે ઓળખવામાં આવે છે. તેમાં ‘ક્ષયિક સમક્તિ નથી’ એવું સ્પષ્ટ લખેલું નથી.. એમ વાંચેલું છે, સાંભળેલું છે અને એ વાત ચાલી આવે છે. મૃષા છે

એમ અમારો અભિપ્રાય નથી, તેમ તે વાક્ય જે પ્રકારે લખ્યું છે તે એકાંત અભિપ્રાયે જ લખ્યું છે એમ અમને લાગતું નથી.''

(એજન, પૃ.૩૪૪, આંક–૩૯૭)

સત્પુરુષની આજ્ઞાએ ચાલવાથી સમપણું આવે છે. આત્મજ્ઞાન થાય છે. આત્માના બીજા અનેક જ્ઞાન, દર્શન, ચરિત્ર, વીર્ય, બળ, દાન આદિ પ્રગટ થાય છે. આમ સત્પુરુષના યોગ સર્વકલ્યાણમય થાય છે અને અયોગે અકલ્યાણમય થાય છે. શ્રીમદ્દે આ જ વસ્તુ તેમના તમામ પત્રોમાં જુદી–જુદી રીતે તેમજ જુદાં–જુદાં રૂપે વ્યક્ત કરી છે. સત્પુરુષની આજ્ઞાને ચાલવાનું મહત્ત્વ દર્શાવતા શ્રીમદ્ લખે છે કે :

''આત્મા વિનયી (થઈ) સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યા છે. તે મહાત્માઓની જે જાતિની ઋદ્ધિ છે, તે જાતિની ઋદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય.

અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ મળ્યા નથી; નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે.''

(શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ પૃ.૧૮૩, આંક–૫૫)

''આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઈચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે–સમયે અતુલ ખેદ જવરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને અનુભવે છે. એવી અશરણતા વાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે, સત્પુરુષની વાણી વિના એ તાપ અને તૃષા કોઈ છેદી શકે નહીં એમ નિશ્ચય છે.''

(એજન, પૃ.૨૬૯, આંક ૨૧૩)

આમ, અનેક જગ્યાએ શ્રીમદે વિવિધ રીતે સત્સંગનું ફળ બતાવ્યું છે. જેમાં સત્સંગથી કલ્યાણ થાય છે. પાત્રતા આવે છે, પરમાર્થની દઢતા થાય છે. કામજય થાય છે. આત્મવિસ્મરણ નિવારાય છે, સંસારભાવની નિવૃત્તિ થાય છે. તીવ્ર જ્ઞાનદશા આપે છે. રત્નત્રયની પ્રાપ્તિ થાય છે. ત્રિવિધ તાપ ટળે છે. આત્માની નિર્મળતા થાય છે. અસંગતતા આવે છે. દઢ મુમુક્ષુતા આવે છે વગેરે લાભો શ્રીમદ્ બતાવ્યા છે.

## ◈ ભક્તિ :

(એજન, આંક–૨૨૩, ૨૮૩, ૩૩૫, ૫૩૦, ૫૭૨, ૬૯૩ વગેરે)

ભક્તિનું મહાત્મ્ય દર્શાવતા શ્રીમદ્ કહ્યું છે કે "ઘણા–ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દઢ નિશ્ચય છે કે, ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."

(એજન, પૃ.૨૬૪, આંક–૨૦૧)

વિચારવાન જીવોએ ભક્તિનો આશરો લીધો છે. ભક્તિના તો સર્વસમર્પણભાવ રહેલો છે. જ્ઞાનીની, પ્રભુની, તીર્થંકરની, સદ્ગુરુની, સર્વની ભક્તિ, કલ્યાણ કરવામાં ઉપકારી છે. મોક્ષ મેળવવા માટેનો ભક્તિ એ ધુરંધર માર્ગ છે. ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે. મનની સ્થિરતા આવે છે. આત્મા વિકારથી વિરક્ત થાય છે. શાંતિ મળે છે અને કર્મની નિર્જરા થાય છે. અભિમાન, અહંકાર, માયા, લોભ આદિ દુર્ગુણો ભક્તિથી નાશ પામે છે, કારણ કે ભક્તિમાં તો સર્વસમર્પણભાવ હોવાથી કંઈ પોતાનું રહેતું નથી. તો ભક્તિની પૂર્ણતા કયારે પમાય તે વિશે શ્રીમદ્ એક પત્રમાં લખ્યું છે કે,

"ભક્તિની પૂર્ણતા પામવાને યોગ્ય થાય ત્યારે થાય છે કે એક તૃણ માત્ર પણ હરિ સત્યે યાચવું નહીં. સર્વદશામાં ભક્તિમય જ રહેવું.... સર્વત્ર હરિઈચ્છા બળવાન છે. એ કરવા માટે હરિએ આમ કર્યું છે. એમ નિઃશંકપણે સમજવું."

(શ્રીમદ્‌ના વિચારરત્નો', પૃ.૬૪)

સ્વરૂપચિંતન–ભક્તિ તે સર્વકાળે સેવ્ય છે. વ્યવસ્થિત મન એ સર્વસૂચિનું કારણ છે. પરમાત્માની ભક્તિ જ જેને પરમ પ્રિય છે એવા પુરુષને સંસાર સંબંધી કઠણાય ન હોય તો સમજવું કે તેને ખરી ભક્તિ જ નથી. ભગવદ્‌ભક્તને તો શાતા અને અશાતા બંને સરખા જ છે. મહાત્મા કબીર, નરસિંહ મહેતા, મીરાંબાઈ આદિની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્‌ભુત અને સર્વોત્કૃષ્ટ રહી હતી. ઉપરાંત શ્રીમદ્ જ્ઞાની પ્રત્યે નિઃસ્પૃહ ભક્તિ સેવવા માટે ભાર મૂકતાં લખે છે કે :

"જ્ઞાની પ્રત્યે જેને કેવળ નિઃસ્પૃહ ભક્તિ છે, પોતાની ઈચ્છા તે થકી પૂર્ણ થતી ન દેખીને પણ જેને દોષ આવતો નથી, એવા જે જીવ છે, તેને જ્ઞાનીને આશ્રયે ધીરજથી વર્તતાં આપત્તિનો નાશ હોય છે; અથવા ઘણું મંદપણું થઈ જાય છે. એમ જાણી છીએ. તથાપિ જેવી ધીરજ રહેવી આ કાળને વિશે બહુ વિકટ છે. તેથી ઉપર જણાવ્યું છે, એવું પરિણામ ઘણીવાર આવતું અટકી જાય છે."

(શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ, પૃ.૩૨૮, આંક–૩૬૮)

શ્રીમદ્ શુદ્ધ, સમર્પણભાવવાળી ભક્તિનું ઘણું મહાત્મ્ય તેમના પત્રોમાં ઠેકઠેકાણે વ્યક્ત કરે છે.

### ◈ મોક્ષ :

(એજન આંક : ૨૪૯, ૪૭૨, ૫૩૦, ૫૬૯, ૬૦૯, ૮૧૭ વગેરે)

મોક્ષ એટલે શું ? તે કેવી રીતે મળે ? તે કયારે મળ્યો કહેવાય ? તો જીવની સંપૂર્ણ કર્મરહિત સ્થિતિ તે મોક્ષ. સર્વ અન્યભાવથી આત્મારહિત છે. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જેને અસંગતપણું વર્તે છે. જેને આત્મભાવમાં જ સતત રહેવું થાય છે અને કોઈપણ પુદગલ પરમાણુનો જેને સંગ નથી તેવી આત્મદશાને મોક્ષ રહેલો છે. આ મોક્ષમાર્ગ વિશે

શ્રીમદ્દે વિવિધ પત્રો દ્વારા તેમના વિચારો દર્શાવ્યા છે. તેઓ કહે છે : આ મોક્ષમાર્ગ મેળવવા માટે મનુષ્યદેહની આવશ્યકતા છે, તેથી તેનું માહાત્મ્ય પણ શ્રીમદ્દે ઘણીવાર બતાવ્યું છે.

ચારે ગતિમાં એક મનુષ્યગતિ જ એવી છે કે જ્યા મોક્ષ મેળવવાનો પુરુષાર્થ કરી શકાય છે. મનુષ્ય દેહમાં જ વિવેકશક્તિ અને પુરુષાર્થ કરવાની શક્તિ મળે છે. તેથી અન્ય કોઈ દેહે મુક્તિ મળતી નથી, અર્થાત્ દરેક મુક્તાત્માઓનો છેલ્લો દેહ મનુષ્યદેહ હોય છે. એવું શ્રીમદ્ જણાવે છે.

### ◈ પંચમહાવ્રત :

જૈન તથા કેટલાંક દર્શનોમાં મુનિઓએ પાળવા યોગ્ય પાંચ મહાવ્રત દર્શાવ્યા છે. જેમાં (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસત્યેય (૪) બ્રહ્મચર્ય, (૫) અપરિગ્રહ. શ્રીમદ્‌ની વિચારણા પ્રમાણે હિંસાથી ઘણો પાપબંધ થાય છે. તેથી હિંસાથી નિવર્તવાની આજ્ઞા ભગવાને કરી છે. તેમ છતાં નદી ઉતારવા જેવા પ્રાણાતિપાતના પ્રસંગની આજ્ઞા કરી છે. નદીમાં ચાલે ત્યારે પાણીના જીવ હણાય અને હિંસા થાય છે. આવું જ બીજા વ્રતો માટે છે.

પરિગ્રહથી સર્વથા નિવર્તુ છું એવું વ્રત હોય છતાં વસ્ત્ર, પાત્ર, પુસ્તક વગેરે અલ્પ પ્રમાણમાં રાખવાની આજ્ઞા આપેલી છે. મૂર્છારહિત પણે નિત્ય આત્મદશા વધવા માટે પુસ્તક રાખવાની આજ્ઞા અપાય છે. તથા શરીરના બંધારણ આદિનું હીનપણું જોઈ ચિતસ્થિતિ સમપણે રાખવના અર્થે વસ્ત્ર, પાત્ર પણ મૂર્છારહિત ભાવે રાખવાની ભગવાનની આજ્ઞા છે. ઉપરોક્ત વ્રતોમાં ભગવાને છૂટ આપી છે. પરંતુ ચોથા બ્રહ્મચર્ય વ્રતમાં તેવી કોઈ છૂટ અપાય નથી. એ વ્રતનો ભંગ રાગદ્વેષ વિના થઈ શકતો ન હોવાથી તેમાં ઘરનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે. આ વ્રતને અનપવાદી વ્રત કહેલું છે. પુસ્તક, પાત્ર, વસ્ત્ર, નદી, પરિગ્રહ આદિ રાગદ્વેષ વગર કરી શકાય છે એટલે કે તે અપવાદોમાં વ્રતમાં અુમક છુટ લેવાની હોવા છતાં રાગદ્વેષરહિતપણું રાખી શકાય છે. પણ મૈથુનમાં તેમ થઈ શકતું ન હોવાથી તેમાં અપવાદ નથી.

(એજન, આંક ૫૦૧,૫૦૩)

### ◈ ષડ્દર્શનની મીમાંસા :

(એજન, આંક : ૭૧૧, ૭૧૩ વગેરે)

શ્રીમદ્દે કુલ છ દર્શનો ગણાવ્યા છે તેમાં બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન પૂર્વમીમાંસા, ઉત્તર મીમાંસા અને ચાર્વાકદર્શન પ્રથમ પાંચ દર્શન આસ્તિક એટલે આત્મા, બંધ, મોક્ષને સ્વીકારનારા છે. બૌદ્ધ અને જૈન સિવાયના બાકીના દર્શનો વેદને મુખ્ય રાખીને પ્રવર્તે છે. તેથી તે વેદાશ્રિત દર્શનો છે. બૌદ્ધ અને જૈન સ્વતંત્ર દર્શનો છે.

બૌદ્ધદર્શન આત્માને ક્ષણિક માને છે. નૈયાયિક આત્માને અનેક માને છે. સાંખ્યને મતે અસંખ્ય આત્મા નિત્યપણે છે. જૈનના મતે આત્મા અનંત દ્રવ્ય, પરિમાણી અને અસંખ્યાતપ્રદેશી છે. શ્રીમદ્દે સર્વદર્શનનો આત્મા વિશેનો અભિપ્રાય પણ તેમણે વિચાર્યો છે.

### ◈ જૈનધર્મ :

શ્રીમદ્દે જૈનધર્મની ઉત્તમતા બતાવતા કહ્યું છે કે, આત્માને સાચી રીતે ઓળખનાર તથા ઓળખાવનાર તે જૈન ધર્મ છે. તેમાં દયાનો સૂક્ષ્મબોધ છે. તેના સિદ્ધાંતો પવિત્ર છે અને તેનો આશ્રય પ્રત્યેક જીવનનું કલ્યાણ કરવાનો છે. તેના જેવી તત્ત્વની સમજ સૂક્ષ્મતાથી બીજા કોઈ ધર્મે આપી નથી, એ વગેરે કારણોને લીધે શ્રીમદ્‌ને જૈનધર્મ ઉત્તમ જણાયો હતો.

વળી જૈનનાં આત્માર્થી, મતાર્થી, સદ્‌ગુરુ, અસદ્‌ગુરુ, મુનિ, પંચમહાવ્રત, નવતત્ત્વ, છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય વગેરેનું એટલી સારી રીતે નિરૂપણ થયેલું છે કે તેથી ઉત્તમતા જણાવ્યા વિના ન રહે.

### ◈ શ્રીમદ્‌ની દષ્ટિએ જૈનધર્મની વર્તમાન સ્થિતિ :

(એજન, આંક : ૪૦, ૧૬૯, ૨૦૭, ૪૦૩ વગેરે)

શ્રીમદ્‌ને તીર્થંકર પ્રભુએ પ્રવર્તાવેલા માર્ગની વર્તમાન સ્થિતિ ઘણી ખેદજનક લાગતી હતી એ માર્ગમાં દિગમ્બર, શ્વેતાંબર, સ્થાનકવાસી, લોકાગચ્છ, તપાગચ્છ, ઢુંઢિયા આદિ અનેક ફાંટા પડી ગયા છે અને તેઓ બધા એકબીજાનું ખંડનમંથન કરવામાં જ સમય પસાર કરે છે. કોનામાં શું દોષ છે તે શોધવામાં અને તેના ઉપર પ્રહાર કરવામાં જ લોકો લુબ્ધ બન્યા છે. વળી પોતે જે કરે છે તે ઉત્તમ દે જ છે. તેથી માન્યતા પણ તેઓ ધરાવે છે. પરિણામે આત્મકલ્યાણ સાચો માર્ગ તેઓ અપનાવી શકતા નથી એમ શ્રીમદ્‌ કહે છે.

આવી સ્થિતિ જોયા પછી તેઓ સર્વમુમુક્ષુઓને આવા મતાંતરોથી દૂર રહેવાની જ ભલામણ કરતા. કોઈ કંઈ પૂછાવે તો પણ તેમાં ન પડવાની અને આત્માને ઓળખવાના પુરુષાર્થ કરવાની સલાહ આપતા. આત્મા ઓળખાયા પછી આવા મતભેદોને અવકાશ રહેતો નથી તેમ તેમનું માનવું હતું. તેથી કોઈ વસ્તુ ન સમજાય તો પણ ત્યાં અટકવાને બદલે તેઓ આગળ વધવાની સૂચના મુમુક્ષુઓને આપતા હતા.

## ◈ ઉપદેશબોધ અને સિદ્ધાંત બોધ :

(એજન, આંક ૫૦૦, ૫૦૬ વગેરે)

શ્રીમદ્‌ કહેવા પ્રમાણે શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ થયું છે તે જ્ઞાન બે પ્રકારમાં વિચારવા યોગ્ય છે. એક પ્રકાર ઉપદેશનો અને બીજો પ્રકાર સિદ્ધાંતનો છે. જેને વૈરાગ્ય, ઉપશમ સંબંધી ઉપદેશબોધ નથી થયો હોતો તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંત પણ વિપર્યાસપણે જ વિચારાય છે. કારણ કે આંખમાં જેટલી ઝાંખપ હોય તેટલો ઝાંખો પ્રકાશ દેખાય છે, તેમ જેટલી બુદ્ધિ વિપરીત તેટલું જ્ઞાન પણ વિપરીત હોય.

કુટુંબ, પરિગ્રહ, પ્રાપ્તિ–અપ્રાપ્તિ આદિમાં જેને રાગદ્વેષ આદિ કષાય છે તે વિપર્યાસબુદ્ધિ છે. એ સર્વમાં અનાસક્તિ થાય તે વૈરાગ્ય વિપર્યાસબુદ્ધિ ટાળવા માટે અને

સિદ્ધાંત બોધ સમજવા માટે ઉપદેશબોધ પ્રથમ આવશ્યક છે. આમ, ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ સમજાવવા માટેનું કારણ છે.

આમ, શ્રીમદ્દે તેમના પત્રોમાં દુઃખમકાળ, સંસાર, સુખદુઃખ, આત્મા, જ્ઞાન, જ્ઞાની સત્પુરુષ, સત્શાસ્ત્ર તેની આજ્ઞાનું ફળ, જીવના દોષ, મિથ્યાત્વી, કર્મ તેનું સ્વરૂપ, કષાય, ભક્તિ, મોક્ષ વગેરે અનેકાનેક મુદ્દાઓની ખૂબજ ઝીણવટપૂર્વક તેમજ વિવિધ દષ્ટિકોણથી વિચારણા કરી છે. ઉપરાંત એકેદ્રિયનું સ્વરૂપ, આર્યા આચારવિચાર, આઠ રુચક પ્રદેશ, ચૌદ પૂર્વાધારી નિગોદમાં કેમ, પર્યાય, પરિષદ, પ્રવૃત્તિ, સુધારસ, યોગ, વૃત્તિ, આ ભવમાં મોક્ષ મળે, તીર્થંકર અને સુવર્ણદષ્ટિ તો મુમુક્ષુ સાથેના સંવાદો અને તેમણે પૂછાવેલા પ્રશ્નોનાં ઉત્તરો અને તેની સાથે તેઓએ અધિષ્ઠાન પ્રદેશ બંધ, અવગાહના, શ્રમણ, ભિકખુ, વાંછા, ઈચ્છા, લેશ્યા અનેક શબ્દોના અર્થ અને સમજણ આપ્યા છે.

શ્રીમદ્દ્ના પત્રો વાંચતા તેમના ઊંડા જ્ઞાનનો તલસ્પર્શી વિચારણાનો આપણને ખ્યાલ આવે છે. તેમના પત્રોનો જુદી–જુદી રીતે અને જુદાં–જુદાં દષ્ટિબિંદુથી તેની તત્ત્વ સભરતાને લીધે અભ્યાસ કરી શકાય તેમ છે. તેમની આ બધી વિચારણા અને પુરુષાર્થ જોઈને પંડિત સુખલાલજીએ 'શ્રીમદ્ રાજચંદ્ર એક સમાલોચના' પુસ્તકમાં લખે છે :

"જયારે તેમની માત્ર આપબળે વિદ્યા મેળવવાની શાસ્ત્રો વાંચવાની, તત્ત્વચિંતન કરવાની અને તે ઉપર સ્પષ્ટ તેમજ પ્રવાહબદ્ધ લખવાની અને તે પણ ઘરાંગણે રમતા કુમારની ઉંમરથી તેમજ વ્યાપાર ધંધા આદિની વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે – ત્યારે શ્રીમદ્ જેવી વ્યક્તિ ઉત્પન્ન કરવા વાસ્તે માત્ર જૈન સંસ્કૃતિ પ્રત્યે જ નહિ પણ ગુજરાતી સંસ્કૃતિ પ્રત્યે માથું આપમેળે નમી જાય છે."

(શ્રીરાજચંદ્રનાં વિચારરત્નો', આવૃત્તિ–૧, પૃ.૧૭૭)

## ❖ વેપારીઓને લખેલ પત્રો :

શ્રીમદ્ પાસેથી આપણને પત્રનો વિપુલ જથ્થો પ્રાપ્ત થાય છે. તેમાના વેપારીઓ સંબંધી જે પત્રો લખાયા હતા પણ આપણે અહીં સ્પષ્ટતા કરવી ઘટે કે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં જે પત્રો સંગ્રહિત થયા છે. તેમાં મુખ્યત્વે તેમની તત્ત્વવિચારણાને કેન્દ્રમાં રાખીને એટલે વેપાર સંબંધી બહુ જ અલ્પ પત્રો જે આપણને શ્રીમદ્ રાજચંદ્રની આવૃત્તિ ૫ (પાંચ)માં પ્રાપ્ત થાય છે. તે ઉપરથી શ્રીમદ્‌ને એક વેપારી તરીકે જાણી શકાય છે. તેમના આ પત્રોમાં એમનું અલગ–અલગ વ્યક્તિત્વ ઊપસે એ સ્વાભાવિક છે. પણ એક પત્રલેખક તરીકે તેમની અવનવી વિશેષતા જોવા મળે છે. આપણે શ્રીમદ્‌ના વેપારી સાથેના પત્રાચારની વાત કરીએ તોઃ

વિ.સં.૧૯૪૫ના ભાદરવા આસપાસ શ્રીમદ્‌ના કાકાજી સસરા શ્રી રેવાશંકર જગજીવનની ઝવેરાતના ધંધાની પેઢી શરૂ થઈ. તેમાં શ્રી માણેકલાલભાઈ ઝવેરી પ્રેરણારૂપ હતા. આ પેઢીમાં શ્રીમદ્ જોડાયા. એક બે વર્ષમાં પેઢીનો વેપાર વિલાયત, રંગૂન, અરબસ્તાન વગેરે મોટી–મોટી પેઢી સાથે શરૂ થઈ ગયો. વિ.સં.૧૯૪૮–૪૯માં સુરતવાળા શ્રીનગીનચંદ્રનો શ્રીમદ્‌ને પરિચય થતાં પરસ્પરની અનુમતિપૂર્વક શ્રીમદ્ રેવાશંકરભાઈ, માણેકલાલભાઈ અને નવીનચંદ્રભાઈએ મોતીનો વેપાર ભાગીદારીમાં શરૂ કર્યો. પછી તેમાં બીજા વેપારીઓ પણ જોડાયા. અને મોતીના વેપાર સાથે ચોખા, કાપડ, ઓઢણી (રંગેલી) આદિનો વેપાર પણ સામેલ હતો. સર્વે ભાગીદારોએ કંઈને કંઈ કામ જવાબદારીપૂર્વક સ્વીકારેલું. તેમાં નાણાં વિષયક અને વિલાયતના વ્યવસાયનું કામકાજ મુખ્યત્વે શ્રીમદ્ હસ્તક હતું. પોતે જ્યારે મુંબઈથી બહાર હોય ત્યારે વેપાર અંગે તેમને ઉપરોક્ત ભાગીદારો કે પોતાના નાના ભાઈ મનસુખભાઈ (જે પેઢીમાં ૧૯૫૧થી જોડાયેલ) તેના ઉપર પત્ર લખવાના પ્રસંગ ઉપસ્થિત થતા. તેમની ધંધાદારી કુશળતા પ્રગટ કરતો શ્રીમદ્‌નો એક પત્ર જોઈએ તો તે પત્ર વવાણિયાથી મુંબઈનો પેઢી પર લખાયો હતો.

“જર્મનનું પાર્સલ પાછું આવવા સંબંધી લખ્યું તે જાણ્યું છે. સંભાળથી તરત અવેજ ભરી દેજો. જર્મને ૨૯૨૮ પૌંડ હૂડી લખી છે તે પરથી એમ જણાય છે કે તેણે રિર્ટન કમીશન એકટકા લેખે ચડાવ્યું છે તે કમીશન ન લેવા માટે આપણને તેણે લખી આપ્યું છે જે કાગળ ફાઈલમાં છે. અઠાવીશ પૌંડ ઓછા ભરી શકાય કે કેમ ? તે બનાજી વગેરેને પૂછી તજવીજ કરશો... આપણે આ વખતે આડત આપવાનો કરાર નથી... તમે તથા નગીનભાઈ પૂરી તજવીજ કરશો. ઉતાવળમાં ૨૯ પૌંડ ભરાયા પછી તેની પંચાત પડે.”[૧]

(શ્રીમદ્ રાજચંદ્ર, આવૃત્તિ–૫, ભાગ–૨, પૃ.૧૭૦)

પેરીસમાં મોન્ટચેર એ જર્મન નામની ફ્રેંચ પેઢી પણ ૪૧૦૦૦/– રૂા. કિંમતનું મોતીનું પાર્સલ મોકલાવેલ પણ તે નહીં લેવાનો બન્ને પેઢીઓએ કરાર કર્યો હતો. છતાં પણ તે પેઢીએ હકસાઈ ચડાવીને પાર્સલ પાછું મોકલેલું તેની માહિતી આપતા આ પત્રમાં કરાર બાબત યાદી રાખી ભૂલથી વધારે પૈસા ભરાઈ ન જાય તે બાબતની કેવી સાવચેતી દેખાય છે! આ સુંદર પત્રમાં શ્રીમદ્‌ની વ્યાપાર કરવાની કુનેહ અને કાળજી જોવા મળે છે.

આ ઉપરાંત માલ સંબંધ ભાવતાલ કરવાનો કેટલા સુધી માલ લેવો તે અંગેના તેમના વિચારો આ એક પત્રથી મળશે.

વિ.સં.૧૯૫૧માં પોતાની પેઢીને લખેલા એક પત્રમાં જોવા મળે છે.

“સીરી ભૂકી વગેરેની ખરીદી લખી તે જાણી છે તે સીરી ભૂકી અરબસ્થાનમાં કયા આરબના અથવા કયા પ્રગણાનો કેવો માલ છે,એ વગેરે લખવામાં તમારી તરફથી બરાબર આવ્યું નથી.... ગયા વર્ષમાં ૧૫,૧૬,૧૭,૧૮,૧૯ એ આદિ ભાવના સુરાના ભાવ આ વર્ષમાં કંઈ વાંચવામાં આવ્યા નથી અને વિલાયતવાળાના તરફથી વધારે ભાવ મળવામાં પૂરી મહેનત પડશે. આ વખતે ભૂકામાં કંઈ ઠીક પરિણામ આવશે પણ સીરીને માટે તો અમને અંદેશો રહે છે. કેટલીકવાર આગળ ઉપરનું પરિણામ વિચાર્યા વગર ઘણું કરી ખરીદ થયા કરે છે.. તેથી ભય રહ્યા કરે છે કે તે રીતે તો વખતે ગયા વર્ષની પેઠે આ વર્ષ પણ વેઠનો

વેપાર થઈ પડે.... વધારે લખવું કારણભૂત નથી. પણ સહેજે ખેદ થયો કે આપણા લોકો કેટલાંક લાભના વેપાર પોતે હાથે કરીને ધૂળધાણી મેળવે છે. જેનો લક્ષ તેમને ન આવી શકે ત્યાં શું કરી શકાય ? કાંઈપણ વિચારથી, ધીરજથી અને ક્રમશી કામ લેવાનું હોય તો સામાન્ય રીતે લાભનો વેપાર થયા કરે.... એકબીજાના મનને દુઃખ લગાડવા માટે અથવા ચાલતા કામમાં વચ્ચે ડોળાણ કરવાના હેતુથી આ પત્ર લખ્યું નથી. પણ હવે આપણે સૌ વેપાર કરીએ છીએ તેમાં એકબીજાએ ઉપયોગ રાખ્યો હોય તો આ રસ્તો અંતે લાભકારક છે... એમને એમ લેવાના ઘોમાં ઊંચા ભાવે ખરીદ જ કર્યા કરવી અને ક્રમે મોટા ભયમાં ઊતરવાનું થાય તેમ કરવું.... એકબીજાને અરસપરસનો સંબંધ છે. ત્યાં હજાર પાંચસોના નુકશાન ઉપર ધ્યાન આપી આ લખ્યું નથી, પણ આપણે સૌની કંઈપણ આ વાત ધ્યાનમાં રહેતી હોય અને કામ થયા કરતું હોય તો લાંબા વખત સુધી તે કામ ટકે, એવા હેતુથી લખ્યું છે.

(એજન, પૃ.૧૩૨)

શ્રીમદ્ ઉપરોક્ત પત્રમાં નગીનભાઈના ઉતાવળા સ્વભાવ વિશે ખેદજનક ઉદ્‌ગાર કાઢે છે. મુંબઈના મોતીબજારમાં એ વખતે ‘શ્રી રેવાશંકર જગજીવનની પેઢી આગળ હતી જ્યારે મુંબઈમાં મોતીબજારની સ્થિતિ ચિંતાજનક થઈ જતી હતી ત્યારે આ પેઢીના ભાગીદાર શ્રી નગીનભાઈ સાહસપૂર્વક ઝંપલાવત હતા. તેથી એ અંગેની શ્રીમદ્‌ની સ્વાનુભવની વાત તેના વિચારો દ્વારાં વ્યક્ત કરી છે.

આ પત્રમાં એક વેપારી તરીકેની આગવી છાપ જોવા મળે છે. એક વેપારીને યોગ્ય કળવકળ, દીર્ઘદર્શિતા તેમજ નિપુણતાથી નગીનભાઈને સમજાવવાનો શ્રીમદ્દે પ્રયત્ન કર્યો છે. અને લાભ ગેરલાભ વિશે માહિતગાર કર્યા છે. પરંતુ નગીનભાઈ તેના સાહસી કાર્યની પીછેહઠ કરતા નથી તેથી શ્રીમદ્ તેના પછીના દિવસે જ પેઢી ઉપર એક બીજો પત્ર લખે છે. એ ઉપરથી જાણી શકાય કે શ્રીમદ્ આ પેઢીના અંતિમ નિર્ણાયક જેવા હતા. તેમણે પેઢીને લખેલા એક અંગત પત્રમાં લખ્યું છે કે,

કંઈપણ તેની અસર થાય એવી રીતે લખવાનું પ્રયત્ન કર્યું છે. જો કે તેનાથી તેમ વર્તાવું બહુ મુશ્કેલ છે... તમારા મનમાં પણ સીરી વગેરે સંબંધ ખ્યાલમાં આવ્યું અને તે અમને લખ્યું એટલી સરળતા માટે ચિત્તને સંતોષ થયો છે... પ્રત્યક્ષ નુકસાન દેખાતું હોય તો પછી પડશો નહીં. મૂળગા થાય તેવું દેખાતું હોય અથવા સહજ નુકશાન જેવું દેખાતું હોય અને તમારું ચિત્ત એકબીજાનું ચિત્ત જુદું થવાના કારણથી ભય રાખતું હોય તો હા કહેશો. પણ સાવ ના કહેશો કે હવે તરતમાં આવનાર છે એટલે તેમના આવ્યા પહેલાં હાલ કંઈપણ કરવામાં વિચાર નથી... તેમ છતાં તમારા પર રાખવાનું કારણ એમ છે કે સહેજ સાંજ નાની રકમ હોય અને ચલાવવા ખાતર સંબંધમાં રહેવું હોય એમ તમારાં મનમાં આવે તો તેમ કરવાં માટે લખ્યું છે.''[૩]

(એજન, પૃ.૧૭૩)

ઉપરના પત્ર ઉપરથી જાણી શકાય છે કે શ્રીમદ્ એક કુનેહબાજ વેપારી હતા. તેમને મન સંબંધ માત્ર ધંધા પૂરતા સીમિત ન હતા. ધંધામાં ચોકસાઈ, કાળજી વગેરે કાપડના કે બીજા ધંધામાં જોવા મળે છે. તેઓ વેપારની દરેક વાતની કાળજી રાખતા અને સાવધાન રહેતા જણાય છે.

વિ.સં. ૧૯૫૧માં સાયલાથી ભાદરવા વદ–૪ના પેઢી પર પત્ર લખ્યો છે :

''રેશમી ઓઢણી મંગાવો તો પોત, પનો રંગ'' વગેરે બરાબર તપાસી લેશો. બાંધણી ચોખ્ખી જોઈને લેશો. ભીમજી વલ્લજીને ત્યાં નંગ સારા હોય છે. પણ કંઈક પૈસા વધારે પડે છે અને ભોંયતળિયે નાકા પર ખત્રી બેસે છે તેને ત્યાંથી આપણે કેટલીકવાર લઈએ છીએ તે કંઈક ઓછું લેશે ઓઢણીમાં આના બેઆના મોંઘી પણ લેતા લોકો અટકે છે. એટલું ધ્યાન રાખશો... રેશમી અતલસ રંગાવાની હોય તે બાઈ અમૃતલાલનું ધ્યાન પહોંશે ત્યાં રંગાવશો. રંગબોજ કુમાશ ઠીક થાય તેમ કરાવશો.... મંગાવનારને સંતોષ થાય તેમ કરશો. આટલી નાની બાબત વિશે કરી લખી છે તેનું કારણ એ છે કે રેશમી કાપડમાં કંઈ ફેરફાર આવે તો

માણસને મનમાં ઘણું દુઃખ લાગે છે અને કામ બરાબર થશે એમ મેં કહ્યું હતું. તે ખોટું કહેવા જેવો વખત આવે.'' [૪]

(એજન, પૃ.૧૬૯)

ઉપરના પત્ર દ્વારાં એક સારા અને સાચા વેપારીની કદર કરવાનું મન થાય છે. વેપારીની કોઈપણ બાબત પર તેમનું દુર્લક્ષ નહોતું. લાભ સંબંધી હોય કે હિસાબી કામકાજ તેમની આગવી કુનેહ પ્રકટ થયા વગર રહેતી નથી. જે આપણે ઉપરના ચારેય પત્રોમાં જોઈ ગયા છીએ. માલસંબંધી તેને ખરીદવો, વેચવો, હિસાબી કામકાજ વગેરેની તસ્દી તેઓ લેતા હતા. કોઈક પૂછેલા એક પ્રશ્નમાં નફા વિશેનો ખ્યાલ કંઈક આ રીતે કહે છે.

''માલની કિંમત આંકેલી કે બાંધેલી નથી તો તે માલ નજરે જોઈને યોગ્ય કિંમત લાગે તેમાં આશરે બે ટકા છૂટે એવું જાણીને તે માલ લઈએ. પછી બજાર તેજી મંદી થાય તો કર્મની વાત.''[૫]

('શ્રીરાજચંદ્ર જીવનરેખા', મનસુખલાલ કી. મહેતા, પૃ.૧૬૮)

શ્રીમદ્ વેપારમાં નફાની મર્યાદા અળવતા હતા. તેઓ બમણા–તમણાની વાત કયારેય કરતા નહીં વેપાર કે કમાણી વિશે તેઓ જળકમળવત્ હતા. વેપારમાંથી છૂટા થવાનો જ્યારે તે વિચાર કરે છે ત્યારે તેઓ પોતાના ભાગે આવતી રકમ તેના નાનાભાઈ શ્રી મનસુખભાઈને સોંપી દેવાનો વિચાર કરે છે.

શ્રીમદ્ પોતાની મિલકત જ્યારે નાના ભાઈને સોંપવાનું નક્કી કરે છે. તે વખતે તેમનો મોટો પુત્ર તથા તેમના પિતા હયાત હતા. અહીં ભાઈ પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ તેમજ પૈસા પરત્વેની નિસ્પૃહતા પ્રકટ થાય છે. વેપાર સંબંધી શ્રીમદ્‌ની વાત કરીએ તો અહીં ઉપરોક્ત પત્રો દ્વારાં કહી શકાય કે શ્રીમદ્‌ને વેપારની 'ઘાલાવેલી' હતી જે તેની હાથ નોંધપોથીમાંથી જાણવા મળે છે. ૧૯૫૧થી તેઓ વેપારમાંથી નિવૃત્તિ લેવાનું વિચારે છે.

ઉપરોક્ત પત્રો દ્વારાં આપણને શ્રીમદ્‌ના માનસ વિશે ખ્યાલ આવે છે. વ્યાપાર અંગેના વધારે પત્રો નથી પણ જેટલા છે તેટલા પત્રોમાં તેમની કુનેહ, ચીવટ, કાળજી, પ્રામાણિકતા દષ્ટિગોચર થાય છે. ગ્રાહક સાથેનું તેમનું નમ્ર વર્તન ઉપરાંત ગ્રાહને ફાયદો થાય એ પ્રકારનો તેમનો ભલો જીવ જોવા મળે છે. તો ભાગીદારો સાથે પણ તેમનું આત્મીય વર્તન રહ્યું છે. તેઓ તેમના સ્વાભિમાન એટલા જ જાગૃત હતા. સ્વાભિમાન ન ધક્કો લાગે તેવું કોઈ ભાગીદાર કામ કરે તો તેને છૂટાં કરવાની પણ તૈયારી રાખતા તે પેઢીના સર્વેસર્વા હોવા છતાં તેણે કયારેક પૈસાનો લોભ કર્યો નથી ધીકતી કમાણીએ તેઓ યુવાન વયે નિવૃત્ત થવાનું વિચારે ત્યારે ગાંધીજી કહે છે.

“પોતે હજારોનો વેપાર ખેડતા, હીરા–મોતીની પરખ કરતા. વેપારના કોયડા ઉકેલતા પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય પુરુષાર્થ તો આત્મઓળખ હરિદર્શનનો હતો.

ઉપરાંત શ્રીમદ્‌ના પત્રોમાંથી ઉપસતા તેમના વ્યક્તિત્વને સ્પષ્ટ કરતું તેમના વ્યક્તિત્વ વિશે તેમના ભાગીદાર શ્રી માણેકલાલ ઝવેરીનું વક્તત્વ નોંધવા જેવું છે.

“ઘણીવાર ભાગીદારોમાં મતભેદ થઈ જાય છે, અનેકવાર પરસ્પરના હિત અથડાય છે. પરંતુ મારે કહેવું પડશે કે શ્રીમાન રાજચંદ્ર સાથે મારો ભાગથીદારોનો જેટલા વર્ષનો સંબંધ હશે તેમાં કયારેય પણ ઓછું મહત્ત્વ થવાનું કારણ મળ્યું ન હતું અથવા કયારેય પણ પરસ્પર ભિન્નતા આવી ન હતી. એનું કારણ એ હતું કે એમની ઉચ્ચ આત્મદશાની મારા પર ઘેરી છાપ પડી હતી.”[૬]

(શ્રીરાજજયંતી વ્યાખ્યાનો, પૃ.૨૫)

“અમારી ભાગીદારીના કેટલાંક વર્ષ તો સાહસિક વ્યાપારનાં ખેડાણમાં ગયેલા, અને તે સમયે તેઓની વ્યાપાર અને વ્યવહાર કુશળતા એવી ઉત્તમ હતી કે અને વિલાયતના કેટલાંક વેપારી સાથે કામ પાડ્યા હતા. તેઓ અમારી કામ લેવાની પદ્ધતિથી દેશીઓની

કાબેલિયત માટે પ્રશંસા કરતા હતા. અમારા આ વ્યાપારની કુંચીરૂપ ખરું કહીએ તો શ્રીમાન રાજચંદ્ર હતા.''[૭]

(એજન, પૃ.૧૦)

શ્રીમદ્ વિશે પૂજ્ય મહાત્મા ગાંધીએ પણ કહ્યું હતું કે ''ધર્મકુશળ અવ્યવહાર કુશળ ન હોય એ વહેમ રાજચંદ્રભાઈએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વ્યાપારમાં પૂરી કાળજી એક હોશિયારી બતાવતા. હીરામોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા... આટલી કાળજીને હોંશિયારી છતાં વેપારની તાલાવેલી કે ચિંતા ન રાખતા.''[૮]

(શ્રીમદ્ જીવનયાત્રા', સંપા. ગો.જી.પટેલ, પૃ.૧૦૬)

ઉપરોક્ત વ્યક્તિઓના અભિપ્રાયથી આપણને શ્રીમદ્‌ના વ્યક્તિત્વની ખાતરી થાય છે.

શ્રીમદ્‌નું મોટાભાગનું પત્રસાહિત્ય શ્રી સોભાગભાઈ, અંબાલાલભાઈ, લલ્લુજી મહારાજ સાથેનો પત્રવ્યવહાર છે. શ્રી સોભાગભાઈ પ્રત્યે તેમનું કંઈક આવું અલગ વલણ જોવા મળે છે.

''હે શ્રીસોભાગ! તારા સત્‌સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.''